MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

9022279684 Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 51 ● સળંગ અંક : 538 ● મુંબઈ ● શુક્રવાર ● તા.8 જાન્યુઆરી – 14 જાન્યુઆરી 2021 ● પાના : 16 ● કિંમત રૂ.4

MAHA-RERA REGISTRATION
NO.P51800015068

THE NEW LEVEL OF HAPPINESS

ARIHANT HEIGHTS

GHATKOPAR (W), MUMBAI.

ARIHANT HEIGHTS PROJECT
Approved By Leading Banks
• HDFC BANK APF No :- 1) P1095095 -: A-Wing
2) P1095094 :- B-Wing
• AXIS BANK APF No. - CHMPAS014084
• SBI BANK APF No. - P01203411



Festival Offer

1 BHK Flats
Starting @
91 Lacs*
(all inclsive*)

2 BHK Flats
Starting @
1.31 Cr*
(all inclsive*)

DREAM ARIHANT

CORPORATE OFFICE ADDRESS :
Shop No.5 & 6, Mistry Palace CHS Ltd., Near Trimurti Society, Sion, Chunabhatti - 400 022.
Tel.: 022 - 2405 0711, 022 - 2405 0712
Email : info@dreamarihantgroup.com
Web : www.dreamarihantgroup.com
For Booking Contact : +91 932 16 81 622

વોઈસ ઓફ ઘાટકોપર

# મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગુજરાતી મતો મહત્વની ભૂમિકા ભજવશે



તંત્રી સ્થાનેથી
જતીન કોઠારી

મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીને હજી એક વર્ષથી વધુ સમય બાકી છે, પરંતુ બધા પક્ષોએ ચૂંટણીની તૈયારી અત્યારથી શરૂ કરી દીધી છે. મતદાતાઓને રિઝવવા અને એકબીજાની વોટ બેંકમાં ગાબડું પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. મુંબઈમાં ગુજરાતી સમાજ ભાજપની પરંપરાગત વોટ બેંક માનવામાં આવે છે. જેમાં ગાબડું પાડવાનો પ્રયાસ શિવસેનાએ શરૂ કર્યો છે. અને તેના સંદર્ભ 'જલેબી-ફાફડા' કાર્યક્રમનું આયોજન કર્યું જણાય છે.

ઈશાન્ય મુંબઈની વાત કરીએ તો અહીં મુલુંડ અને ઘાટકોપર આ બે સ્થળોએ છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતીઓના મતો ભાજપા તરફી રહ્યા છે. મુલુંડમાં ૩ વખત નગરસેવક તરીકે ચૂંટાયા બાદ સાંસદ બનેલા મનોજ કોટક ગુજરાતી છે. જ્યારે મુલુંડના અને ઘાટકોપર ઈસ્ટના ધારાસભ્યો ગુજરાતી છે. મુલુંડમાં ભાજપ ગત મહાનગરપાલિકાની ચૂંટણીમાં છ સીટો મેળવવામાં સફળ થયેલ જ્યારે ઘાટકોપરમાં ૧૧ બેઠકોમાંથી બે નગરસેવકો ગુજરાતી ચૂંટાઈ આવ્યા હતા. કહેવાનો ભાવાર્થ એ કે ગુજરાતી મતદારો વધુને વધુ ભાજપા તરફી રહ્યા છે. પણ તે સમયે ભાજપ શિવસેનાની યુતિ હોવાને લીધે શિવસેનાના પારંપારિક મતદારો પણ ભાજપાને મત આપવા પડ્યા હતા. આ વખતે એવા પડઘમ વાગી રહ્યા છે કે કોંગ્રેસ, શિવસેના, ભાજપ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ આ તમામ પક્ષો જો અલગ અલગ ચૂંટણી લડે તો તેમને કોઈને કોઈ સ્તરે ગુજરાતીઓના મતો મેળવવા માટે નીતનવી રણનિતી અપનાવવી પડે જેની શરૂઆત અત્યારથી જ શિવસેનાએ કરી દીધી છે પણ શિવસેના પાસે ગુજરાતી નેતૃત્વની આંખે ઉડીને વળગે તેટલી મોટી અછત છે. ઘાટકોપરમાં ચાલી રહેલા ભાજપાના અંદરના ગુજરાતી નેતાઓના કોલ્ડ વોરને બાદ કરતા ગુજરાતીઓ ભાજપને છોડી અન્ય પક્ષને પોતાનો પક્ષ ગણે – જેમ મરાઠીભાષીઓમાં આપલા માણુસ આપલા પક્ષ જેવો તાલ જોવા મળે છે તેવું ભાજપ અને ગુજરાતી મતોમાં વિભાજન થાય તે હાલમાં લાગી રહ્યું નથી. શિવસેનાએ અંધેરીથી જલેબી ફાફડા રાજકારણની શરૂઆત કરી હોય પણ મુંબઈના ગુજરાતીઓમાં તેની કેટલી અસર કે પરિણામમાં ફેરબદલ આવશે તે અત્યારથી કહેવું અથવા કળવું ખૂબ મુશ્કેલ છે. મુંબઈ શહેર અને પરામાં ગુજરાતીભાષીઓની વસ્તી બહોળી છે અને મહાપાલિકા તથા બીજી ચૂંટણીઓમાં આ મતો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શરૂઆતમાં ગુજરતી મતદાતા કાંગ્રેસ અને ભાજપ શક્તિશાળી બન્યા પછી અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા એ પહેલાંથી ગુજરાતી મતદાતા ભાજપ સાથે રહ્યા છે. ભાજપ અને મોદી સરકારે ક્યારેય પણ ગુજરાતી સમાજને અન્યાય કરતું પગલું ભર્યું નથી તેથી બન્નેની ગુજરાતીઓમાં લોકપ્રિયતા યથાવત છે. છેલ્લી પાલિકા ચૂંટણીમાં ગુજરાતી મતદાતાઓના મત ભાજપ તરફ ઢળ્યા હોવાથી પક્ષના નગરસેવકોની સંખ્યા ૩૧થી સીધી ૮૪ પર પહોંચી ગઈ હતી. આ વખતે ભાજપ વિધાનસભા ચૂંટણીમાં થોડે ઘણે અંશે ગાફેલ રહ્યો તેમ રહેવાનું પસંદ નહીં કરે અને ગુજરાતી મતો સહિત અન્ય મતો જે નરેન્દ્ર મોદી અને દેવેન્દ્ર ફડણવીસની સહાયથી મેળવી ૧૨૫થી વધુ સીટો મેળવવાનું લક્ષ્યાંક નક્કી કરી નવી વ્યૂહ રચના અપનાવશે અને એકલા હાથે મહાનગરપાલિકા પર ભાજપનો ઝંડો ફરકાવશે તેવી જાહેરાત ભાજપના આગેવાન નેતાઓ વારંવાર કરી ચૂક્યા છે. હાલમાં ભાજપના મુંબઈના અધ્યક્ષ પદે મંગલપ્રભાત લોઢા જેઓ પોતે મારવાડી છે એમના સહિત અનેક ગુજરાતી મારવાડી આગેવાનોને વિવિધ પદો પર પદભાર સોંપી અત્યારથી જ તેમને વિવિધ વિસ્તારોમાં કાર્યરત કરી દીધા છે.

શિવસેનાના રાષ્ટ્રીય સંયોજક હેમરાજ શાહ અને શિવસેના ગુજરાતી સેલના ઉપક્રમે ૧૦ મી જાન્યુઆરીએ 'જલેબી ને ફાફડા, ઉદ્ધવ ઠાકરે આપણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. હેમરાજ શાહનું માનવું છે. કે ભાજપ ગુજરાતીઓને માત્ર મત બેંક જ સમજે છે. અને ઉમેદવારી આપવાની વાત આવે ત્યારે જુદા સમીકરણો બેસાડે છે. શિવસેના 'મરાઠી માણુસ' અને ધરતીપુત્રોને પ્રાધાન્ય આપે છે, પરંતુ અત્યાર સુધી ભાજપ સાથે યુતિ હોવાથી ગુજરાતીઓને પ્રતિનિધિત્વ આપવા માગે છે તેથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે ઘાટકોપર કે મુલુંડ જેવા ગુજરાતી કેન્દ્રી પરામાં આવા આયોજનો યોજાય અને તેને પ્રતિસાદ મળે તે અંગે શિવસેનાને વિચારવું પડશે.

ભાજપ અને શિવસેનાનું ગઠબંધન હોવાથી અત્યાર સુધી ગુજરાતી મતો શિવસેનાના ઉમેદવારોને મળતા, પણ હવે શિવસેના ભાજપથી સ્વતંત્રપણે આ મહત્વપૂર્ણ વોટ બેંકનો હિસ્સો ખેરવવા માગે છે. આ પહેલાં વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતી મતદાતાઓને આકર્ષવા માટે યુવાસેના અધ્યક્ષ આદિત્ય ઠાકરે દ્વારા વરલી વિસ્તારમાં 'કેમ છો વરલી'નાં હોર્ડિંગ્સ મૂકવામાં આવ્યાં હતા. ત્યાર પછી ગુજરાતીઓને રિઝવવા શિવસેનાએ કોઈ કાર્યક્રમ હાથ ધર્યો ન હતો. મુંબઈમાં આશરે ૩૫ લાખ જેટલા ગુજરાતીઓ વસે છે. પાલિકાની ૪૦ બેઠકો પર ગુજરાતી મતદાતાઓની ભૂમિકા નિર્ણાયક રહે છે. શિવસેનાને ગુજરાતી મતદાતાઓના ધ્રુવીકરણનો ડર સતાવી રહ્યો છે. આવા વાતાવરણમાં ગુજરાતીઓની ઉપેક્ષા કરવી શિવસેનાને ભારે પડી શકે છે. આથી હવે શિવસેના મરાઠીની સાથો સાથ ગુજરાતી સમુદાયને પણ સાથે રાખવા માગે છે. શિવસેના અધ્યક્ષ બાળાસાહેબ ઠાકરેએ સ્થાપેલી મરાઠી માણુસના ન્યાયી હક માટે લડનારી શિવસેનાએ આગળ જતાં હિન્દુત્વની ધ્વજા હાથમાં લેતાં 'ફાફડા-જલેબી'નું સૂત્ર આપી ગુજરાતી મતદાતાઓનાં દિલ જીતવાની તેને હોંશ છે. એક કાળે શિવસેના ગુજરાતી વિરોધી વલણ ધરાવતો પક્ષ હતો, પણ હવે શિવસેનાએ બદલાતા પવન પ્રવાણે સઢની દિશા ફેરવી છે.



## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહલગ્ન-સમૂહજનોઈનું આયોજન

ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા સમુહ લગ્ન તથા સમુહ જનોઈનું આયોજન રવિવાર તા. ૨૫ એપ્રિલ ૨૦૨૧ના રોજ નિર્ધારિલ છે. આ પ્રસંગે સમાજના ૭૦ વર્ષથી વધુ વયના સહસ્યો વયસ્ક વડિલોનું સન્માન કરવામાં આવશે. વૈદિક પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ આમ જનોની ઉપસ્થિતિ વચ્ચે આ ઉત્સવને ઉજવવા માટે તા. ૨૫ માર્ચ ૨૦૨૧ પહેલાં નામ નોંધાવવા વિનંતી. વધુ વિગત માટે સમાજ કાર્યાલયના ફોન નંબર ૨૫૦૧૦૯૪૬ પર સંપર્ક કરવા વિનંતી.


WAREHOUSE ( BHIWANDI )
વેરહાઉસની ખરીદી-ભાડે-વેચાણ માટે

• જંબો / ડોમ / પીઈબી • આરસીસી ગાલા / ઔદ્યોગિક ગોડાઉન
• પ્લોટ્સ - લેંડ પાર્સલ, ભાડે લાગેલી જગ્યા, પુનર્વિકાસની દરખાસ્તો, મુંબઈ, નવી મુંબઇ, થાણે, કમર્શિયલ પ્લોટ / જમીન.

ખાસ નોંધ : • વેરહાઉસિંગ ઉદ્યોગમાં રસ ધરાવતા વ્યક્તિઓ, રોકાણકારો અથવા ઉધોગપતિઓ/કોર્પોરેટ જૂથ આવકાર્ય છે. અમે એન્ડ–ટુ–એન્ડ સોલ્યુશન્સ આપીશું જેમ કે જમીન અધિગ્રહણ, બાંધકામ, લીઝિંગ અને આઉટરાઈટ વેચાણ. અમે જાણીતી સ્થાપિત ટોચની ઉત્તમ ક્વોલિફાઈડ ટીમ સાથે મળીને કામ કરીએ છીએ. • ઈક્વિટી પાર્ટનર્સ જોઈએ છે, પરંતુ ફાઈનાન્સ/લોન જરૂર નથી.

પંકજભાઈ શાહ : +91 9867027333
સ્થાવર મિલકત સલાહકાર


## શ્રી વર્ધ. સ્થા. જૈન શ્રાવક સંઘ -હિંગવાલા લેનમાં પૂ. પ્રાણલાલ મ.સા.ની પૂણ્યતિથીએ વિવિધ આયોજનો


પ.પૂ.પ્રાણલાલજી મ.સા.

સંઘમાં બિરાજમાન પ.પૂ. ડૉ. જશુબાઈ મ.સ. આદી થાણા તથા પ.પૂ. જ્યોતિબાઈ મ.સ.ની નિશ્રામાં ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પ.પૂ.પ્રાણલાલજી મ.સા.ની ૬૫મી પુણ્યતિથિએ ત્રિરંગી સામાયીક નવકાર જાપ તથા વ્યાખ્યાન અને સમુહ આયંબીલનું આયોજન કરવામાં આવેલ છે.વ્યાખ્યાન બાદ પ્રભાવના પ્રાણ ગુરૂ પરિવાર (ભક્ત મંડળ) તરફથી, ત્રિરંગી સામાયીક નવકાર જાપના દાતા પારુલબેન ઉર્વીશ વોરા, અળદીયાના બોક્ષની તથા આયંબીલની અનુમોદના મમતાબેન યોગેશભાઈ બાવીશી પરિવાર અને પ્રિતીબેન મહેન્દ્રભાઈ દોશી તથા તારાબેન વસંતભાઈ ખોખાણી તરફથી કરવામાં આવશે તો સર્વેને લાભ લેવા પ્રમુખ બિપીનભાઈ સંઘવીએ જણાવેલ છે. તિથી તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ રવિવારના સવંતના ૯ થી રાખેલ છે. તથા આ તિથી નિમીત્તે માનવ રાહત કાર્ડ હોલ્ડર વનીતાબેન જયવંતભાઈ જસાણી, રીટાબેન કિંતીભાઈ કોઠારી, દક્ષાબેન મુકેશભાઈ કામદાર અને મીનાબેન વિનોદભાઈ લાખાણી તરફથી શીયાળું પાક અળદીયા આપવામાં આવશે.

# આખરે ૪ મહિના બાદ નવરોજી લેન નૂતનીકરણનું કામ થયું શરૂ

## ભાજપના સ્થાનિક વરિષ્ઠ કાર્યકર પિયુષ દાસના પ્રયત્નોને સફળતા



ઘાટકોપર વેસ્ટમાં આવેલ નવરોજી લેન નૂતનીકરણનું કામ ૪ મહિનાથી અટકી પડ્યું હોવાના અહેવાલો ઘાટકોપરના વિવિધ સમાચાર પત્રોના માધ્યમે વહેતા થયા બાદ અને સ્થાનિક ભાજપના વરીષ્ઠ કાર્યકર પિયુષ દાસ દ્વારા ભાજપના જ આગેવાન નેતાઓ તેમજ સીનીયર લીડર્સ અને મહાનગરપાલિકા, આરટીઓના અધિકારીઓ સુધી નવરોજી લેન નૂતનીકરણના અટકી પડેલ કામ અંગે પત્ર દ્વારા જણાવાતા સફાળે જાગેલા તંત્રએ તેમજ સ્થાનિક નગરસેવિકા બિંદુ ત્રિવેદીએ સોશ્યલ મીડિયાના માધ્યમે વહેતા કરેલ મેસેજ મુજબ વિવિધ આરટીઓની પરવાનગીઓ ફોલો-અપ બાદ મેળવતા નવરોજી લેન ગટર તેમજ રોડની સાઈડ સ્ટ્રીપનું નૂતનીકરણનું કામ વેગવંતુ થયું હતું. સ્થાનિક રહેવાસીઓએ વોઈસ ઓફ ઘાટકોપર સાથે વાત કરતા જણાવ્યું કે હવે પ્રશાસન દ્વારા તે તકેદારી લેવાની છે કે વહેલામાં વહેલાસર આ રોડનું કામ પૂર્ણ કરવામાં આવે. પિયુષ દાસએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે રોડનું કામ શરૂ થયા પહેલા જ તમામ સંબંધિત પરવાનગીઓ કોન્ટ્રાક્ટરે મેળવી લેવી જોઈતી હતી પણ હવે રીનોવેશનનું કામ સત્વરે પતે તે જરૂરી છે.



પિયુષ દાસ

# ઘાટકોપર ઈસ્ટના વરિષ્ઠ નાગરિકે એમ.જી.રોડના રીનોવેશન કામને પૂર્ણ કરવાની કરી માંગ







ઘાટકોપર ઈસ્ટ એમ.જી.રોડ પર રામજી આશર લેનના કોર્નરથી શરૂ કરી સિલ્વર કોર્ટ એપાર્ટમેન્ટના ગેટ સુધી રોડ રીનોવેશનનું કામ ગત વર્ષે મહાનગરપાલિકાએ વરસાદ શરૂ થવાનો હોઈ અધૂરું મુકી દીધા બાદ પૂર્ણ કરેલ નથી તેવી ફરિયાદ સ્થાનિક નિવાસી હસમુખભાઈ શાહે કરી હતી. તેમણે વોઈસ ઓફ ઘાટકોપર સાથે વાત કરતા જણાવ્યું કે સંબંધિત કોન્ટ્રેક્ટર દ્વારા આ કામ પૂર્ણ કરાય તે માટે મહાનગરપાલિકાએ વરસાદ પહેલા જરૂરી પગલા લેવાની જરૂર છે.




ચંદ્રેશ પારેખની કલમે.... ✍



## ભગવાનને રાજી કરવાનો ઉપાય દૃઢ આશરો ને ટેકથી રાજીપો

ભગવાનની પ્રસન્નતાનાં અનેક સાધનોમાં શ્રીજીમહારાજે સર્વશ્રેષ્ઠ સાધન દર્શાવ્યું છે : ભગવાનનો દૃઢ આશરો. ભગવાનનો દૃઢ આશ્રય કર્યા વિના તપ-વ્રતાદિક અનેક સાધનો કરનાર ઘણા હશે, પરંતુ શ્રીહરિની વ્યાખ્યા પ્રમાણે તે સાધનો જ તેને ભવસાગરમાં ડૂબાડે છે. અનેક આપત્તિઓ કે મન વિચલિત કરાવનારા અનેક પ્રલોભનો અને સંજોગોમાં પણ ઈષ્ટદેવ પ્રત્યેની ઉપાસના અને ટેકમાં નિશ્ચલ રહેવાય, તેનું નામ દૃઢ આશ્રય. શિર સાટે દૃઢ આશ્રય કરનારા અનેક ભક્તોમાંના એક ભક્તની ગાથા...

'લ્યો, આ તમારા ચિરંજીવી ! આની બેઠક સારી નથી. ખબર નહીં, સ્વામીએ શું કામણ-ટૂમણ કર્યું છે, નિશાળમાં પાઠ વાંચતાં વાંચતાં સ્વામિનારાયણનું નામ બોલે છે. બહુ રંગ લાગી ગયો છે. આ તો શેઠનો સ્વભાવ તીખો છે તે મને ઠપકો ન આપે એટલે જાણ કરવા આવ્યો છું.'

કાઠિયાવાડના બોટાદ ગામની નિશાળના મહેતાજી બાળક ભગા દોશીનું કાંડું ઝાલી નગરશેઠ ભાઈચંદભાઈના ઘરે આવ્યા ને શેઠાણીને ફરિયાદ નોંધાવી.

પુત્ર કહે, 'મા, સ્વામિનારાયણના સાધુ વ્યાપકાનંદ સ્વામીએ આપણા ગામના દરબારની મરેલી ઘોડી જીવતી કરી તે ક્યાં કોઈથી અજાણ્યું છે ? જેના સેવક સાધુમાં આવી સામર્થી છે એ ભગવાનમાં કેવી સામર્થી હશે ?'

શેઠાણીને ધ્રાસ્કો પડ્યો. મા પ્રેમથી સમજાવવા લાગી : 'બેટા, એ વાત તો અપાસરામાં પણ થતી હતી, ગામ આખુંય એક જીભે સ્વામીના ગુણ ગાય છે, પણ આ પાંચમા આરામાં - ઘોર કળિમાં પ્રભુ હોય નહીં. માટે ભગા ! હવે સ્વામિનારાયણને ત્યાં જવાનું બંધ કર. તારા બાપુને ખબર પડશે તો તારો ઘાણ કાઢી નાખશે.'

'પણ મા, મેં સમજીને સ્વામિનારાયણનો અનન્ય આશરો કર્યો છે, તો હવે પીધેલું અમૃત બહાર નહીં નીકળે. બાપા વઢશે તોપણ આ ચિંતામણિ મળી છે તેની ગાંઠ હવે કેમેય છૂટે એમ નથી.' પુત્ર ભગાએ ખુમારીથી કહ્યું,

હજુ તો આમ વાત ચાલુ છે, ત્યાં જ માથે વાંકડી પાઘડી, એક હાથમાં કૂંચીઓનો ઝૂડો અને બીજા હાથમાં લાકડી ઝાલી નગરશેઠ ભાઈચંદભાઈ આવી પહોંચ્યા. માસ્તર મહેતાજીને જોઈ શેઠ કહે, 'મહેતાજી, છોકરો ભણવામાં તો ઠીક છે ને ?'

મહેતાએ લાગ જોઈ ઘા કર્યો, 'હા, ભણવામાં તો હુંશિયાર છે, એક વાર પાઠ આપે તે હૈયે રહી જાય છે, બુદ્ધિબળ બહુ છે, પણ..'

તેટલામાં ભગુભાઈને છીંક આવી, તે નીચું મોઢું કરી છીંક ખાઈને 'સ્વામિનારાયણ' બોલ્યા.

આ સાંભળી શેઠનાં ભવાં ચઢી ગયાં, આંખો પહોળી કરી, ગાલ ફુલાવી તાડૂક્યા, 'ભગા, આ શું બોલે છે ? તને આ સ્વામિનારાયણ ક્યાંથી વળગ્યું ?'

તક ઝડપી મહેતાજીએ બળતામાં ઘી હોમ્યું, 'બસ, એ જ દુઃખ છે, નિશાળમાં પણ સ્વામી-સ્વામી કહ્યા કરે છે.'

શેઠનો ગુસ્સો આસમાને પહોંચ્યો, કહે, 'શેઠાણી, આને ઘરમાં પૂરી દો, ખાવા-પીવા દેશો મા. આ તમારો જ વાંક છે, અત્યાર સુધી મને વાત કેમ ન કરી ?' એમ કહી માણસને બોલાવી ફળિયામાં નાની ઓરડીમાં ભગાને પૂરી તાળું મરાવ્યું.

રાત આખી પુત્રે તો નિશ્ચિંતપણે ભજન કર્યું, પણ શેઠને ઊંઘ ન આવી. સવારે દરવાજો ખોલી કંઠી તોડવા સમજાવવા લાગ્યા ત્યારે પુત્ર કહે, 'બાપા, એ તો હવે માથા સાટે આ કંઠી છે, એ હવે બહાર નીકળે તેમ નથી. વળી, હું કાંઈ અવળા માર્ગે પૈસા વાપરતો નથી. તમે હોકો પીઓ છો, બજર સૂંઘો છો, અને મહિને કે પંદર દિવસે ન્હાવ છો. એ કરતાં હું તો દરરોજ નાહી-ધોઈ, પવિત્ર થઈ પ્રભુ ભજું છું. એમાં ખોટું શું છે ?'

શેઠના પગતળે જાણે જમીન સરકી ગઈ. પરંતુ વણિકબુદ્ધિથી વિચાર કર્યો કે હમણાં બહુ દબાણ કે દમદાટી કરવાથી દીકરો સાવ હાથમાંથી જશે, કાંઈ ઉતાવળું પગલું ભરીશ તો ગામ આખામાં પણ હાંસી થશે. તત્કાળ તો દુકાને ગયા. પાછળથી ભગાએ પોતાની આ વાત વ્યાપકાનંદ સ્વામીને કહી સંભળાવી. સ્વામીએ રાજી થઈ કહ્યું : 'ભગા ! ધાર્યું ભગવાનનું થાય છે, લીધી ટેક મૂકતો નહિ.' ભગાની નિષ્ઠાને પુષ્ટિ મળી ગઈ.

રાત-દિવસ નગરશેઠ વિચાર કરે કે હું જૈન સમાજનો આગેવાન, અને મારો એકનો એક પુત્ર નવો સંપ્રદાય ગ્રહણ કરે, 'સામીપંથી' થઈ જાય, એ કેવું કહેવાય ?! તો તો નાતમાં મારી ભારે અપકીર્તિ થાય, આ મારાથી સહન નહીં થાય.'

દીકરાની સ્વામિનારાયણીય નિષ્ઠા બાપના હૃદયમાં બાણની માફક ખૂંચવા લાગી. અંતે વિચાર કરી પુત્રની સાન ઠેકાણે લાવવા નગરશેઠ પોતાના લાડકા પુત્રને ભાવનગર નરેશ વજેસિંહ બાપુ પાસે લઈ ગયા. બાપુએ પણ સામ, દામ, દંડ, ભેદની નીતિ વાપરી નિષ્ઠારૂપી હવેલી હલાવવા પ્રયત્ન કર્યો, પરંતુ એમને ક્યાં ખબર હતી કે આ હવેલીના પાયા તો પાતાળે નંખાયા છે ! અંતે ભગાએ પોતાના ગળામાં સ્વામિનારાયણીય કંઠી બતાવીને નિષ્ઠાપૂર્વક જવાબ આપ્યા. ભગાની વાણીમાં છલકાતી નિષ્ઠાની શક્તિ, મુખ પર ઝળકતું પવિત્રતાનું તેજ જોઈ મહારાજા વજેસિંહબાપુના હાથ પણ હેઠા પડ્યા. ઉપરથી શેઠને સમજાવી, પુત્રને તેની દૃઢતા માટે શિક્ષા નહીં પણ શિરપાવથી નવાજ્યો.

શેઠ ત્યાં સમસમી રહ્યા, પણ વારે-તહેવારે દીકરાને દુઃખ દેવા લાગ્યા. પણ ભગાદોશીની રગે-રગમાં શ્રીજીનિષ્ઠા પ્રવર્તી ચૂકી હતી. તેમની રહેણીકરણી અને ઉપદેશથી કેટલાંય બીજાં બાળકો પણ સત્સંગના રંગે રંગાયાં. બાપના હાથ હેઠા પડ્યા. ભગાની ટેકમાં આંચ ન આવી. પુત્રની જીત અને પિતાની હાર થઈ.

શ્રીજીએ જ્યારે ભગાની આ ટેક સાંભળી ત્યારે અંતરના ઉમળકાથી રાજી થઈ બોલ્યા કે 'સુખમાં તો સૌ સત્સંગ કરે પણ દુઃખ આવે ત્યારે કસોટીમાં પાર ઊતરે તેના ઉપર અમે રાજી થઈએ છીએ. આવા આત્મવેત્તા જ્ઞાની ભક્તો હોય, તે જ કસોટીમાંથી પાર ઊતરે, બીજાથી ન ઊતરી શકાય.'

આ રાજીપાના પ્રતાપે ભગવાન સ્વામિનારાયણ ભગા દોશીના આમંત્રણથી વાજતે-ગાજતે બોટાદ પધાર્યા, તેમનો ભક્તિભાવ સ્વીકાર્યો, તેમને અખંડ શ્રીજીનાં દર્શન થાય એવું સામર્થ્ય આપ્યું. ભગા દોશીના સત્સંગનું આ ઝરણું તેમના પુત્ર મર્યાદિત ન રહ્યું. પાછળથી તેમના પિતા ભાઈચંદ શેઠને તો ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અપરિમિત ભાવ થયો. પરંતુ ભગા દોશીના પુત્ર શિવલાલ શેઠ સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં મહાન ભક્ત તરીકે અમર થઈ ગયા. ગુણાતીતાનંદ સ્વામીની અપાર પ્રસન્નતાના અધિકારી થઈને તેમણે સંપ્રદાયમાં એક આદર્શ સત્સંગીની રીત સૌને શીખવી.

### મર્મચિંતન

વચનામૃત ગઢડા પ્રથમ ૩૩માં ભગવાન સ્વામિનારાયણને મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે 'ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ?'

જવાબ આપતાં શ્રીહરિ કહે છે કે 'એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે.'

અહીં શ્રીહરિ ભગવાનના અનન્ય આશ્રયને રાજીપો મેળવવાનું સબળ સાધન ગણાવે છે. મુક્તાનંદ સ્વામીએ પોતાના કિર્તનમાં લખ્યું છે કે -

'નાવ કે કાગ કી ગતિ ભયી મોરી,
જહાં દેખું તહાં જલનિધિ ખારા;
મોહે તો તુમ પ્રભુ એક આધારા.'

આ રીતે ભગવાનની અનન્ય શરણાગતિથી ભગવાન અતિશય રાજી થાય છે.

2 BHK નવા બંધાતા ટાવરમાં
ફક્ત ૧.૦૪* કરોડ + ટેક્સમાં

- રૂફટોપ અમેનીટીઝ
- પ્રિમીયર ગ્રીન વ્યુ
- પ્રિમીયર લોકેશન
- વિક્રોલી રેલ્વે સ્ટેશનથી ૫ મિનિટના અંતરે
- ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનો સુંદર નજારો

૫૩૦ ફુટ કારપેટ જગ્યા
૫૪૪ ફુટ કારપેટ જગ્યા

MAHARERA NO.P51800014935



સંપર્ક : 9022279684

# માજી સાંસદ કિરીટ સોમૈયાના સુપુત્ર નગરસેવક નીલ સોમૈયાએ વિડીયો સંદેશ દ્વારા કોરોના વેક્સિન તદ્દન સુરક્ષિત હોવાનું જણાવ્યું





ગયા અઠવાડિયે ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (ડીસીજીઆઈ) દ્વારા ભારતમાં કોવિડ-૧૯ વાયરસ વિરુદ્ધ બે રસીને ઈમર્જન્સી ઉપયોગ માટેની માન્યતા મળી ગઈ છે અને ટૂંક સમયમાં મુંબઈ સહિત દેશભરમાં કોરોના વાયરસ વિરુદ્ધ વેક્સીનેશનનું અભિયાન હાથ ધરાશે. બન્ને વેક્સિન્સને એક્સપર્ટ કમિટી અને ડીસીજીઆઈની માન્યતા મળી હોવા છતાં અમુક લોકો ઈરાદાપૂર્વક રસી લેવાનું સલામત નથી એવો ભ્રમ લોકોમાં ફેલાવી રહ્યા છે જેથી સામાન્ય નાગરિક આ વેક્સિન લેવી કે નહીં એની દ્વિધામાં આવી જાય છે.

આ દ્વિધાને દૂર કરવા અને લોકોને રસી સલામત હોવાની ખાતરી આપતાં આ રસીની ટ્રાયલમાં ભાગ લેનાર મુંબઈના પ્રથમ નગરસેવકનું ગૌરવભર્યું સ્થાન મેળવનાર મુલુંડના નગરસેવક નીલ સોમૈયા એ સોશિયલ મીડિયા પર એક વિડીયો અપલોડ કરીને જણાવ્યું છે તે તેમણે પોતે ટ્રાયલ દરમ્યાન આ રસીનો એક ડોઝ લીધો છે અને સ્વાનુભવથી કહી શકે છે કે કોરોનાની રસી એકદમ સલામત છે.

નીલ સોમૈયાએ અપલોડ કરેલા આ વિડીયોમાં તેઓ કહે છે, ભારતમાં કોરોના વિરુદ્ધ વેક્સીનેશનનું અભિયાન શરૂ થઇ ગયું છે. મેં પોતે ૧૬ ડીસેમ્બરના ભારત બાયોટેક દ્વારા વિકસાવાયેલી કોવેક્સિનનો એક ડોઝ સાયન હોસ્પિટલમાં લીધો છે. આજે ૨૦ દિવસ થયા હું આપણી સમક્ષ ફીટ, ફાઈન અને સ્ટ્રોંગ ઊભો છું, રૂટીન પ્રમાણે બધા જ કામ કરું છું. ૧૩ જાન્યુઆરીના વેક્સિનનો બીજો ડોઝ હું લેવાનો છું. મને વિશ્વાસ છે કે ૨૦૨૧ના વર્ષમાં સફળતાપૂર્વક વેક્સિનેશનના અભિયાનને ભારતભરમાં પૂર્ણ કરીશું.

# ઘાટકોપર સહિત મુંબઈ-મહારાષ્ટ્રના હવામાનમાં ગાજવીજ અને વરસાદી માહોલ

મુંબઇનાં ઘાટકોપર, મુલુંડ, વિક્રોલીમાં હળવાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.સાથોસાથ ઠંડા પવનો પણ ફૂંકાયા હતા.

વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હોવાથી આજે મુંબઇના કોલાબામાં મહત્તમ તાપમાન ૨૭.૦ અને લઘુત્તમ તાપમાન ૨૧.૦ ડિગ્રી જ્યારે સાંતાક્રૂઝમાં મહત્તમ તાપમાન ૨૯.૦ અને લઘુત્તમ તાપમાન ૨૦.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વળી,નજીકના દહાણુમાં લઘુત્તમ તાપમાન ૧૯.૯ અને થાણેમાં પણ ૧૮.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# શિવસેના સંઘટક હેમરાજ શાહના નેતૃત્વમાં ગુજરાતીઓનો ૧૦મી જાન્યુઆરીએ મેળાવો

આગામી ફેબ્રુઆરી ૨૦૨૨માં મુંબઈ સાથે ૧૦ મહાનગરપાલિકાની ચૂંટણી અત્યંત અલગ પરિસ્થિતિમાં યોજાશે. ભારતીય જનતા પક્ષના હાથમાંથી રાજ્યની સત્તા સંકુચિત મનોવૃત્તિથી શિવસેનાના પક્ષ પ્રમુખ ઉદ્ધવજી ઠાકરે હસ્તગત કરેલ છે. જેનાથી ભાજપના નેતાઓ અસ્વસ્થ થયા છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ આપણી મુંબઈકરની પ્રતિભા સંભાળીને 'સર્વ ધર્મ સમભાવ'ની નીતિથી ઉત્કૃષ્ઠ કાર્ય કરી રહ્યાં છે અને સંકટોનો સામનો કરી મહારાષ્ટ્રમાં કોરોનાની મહામારીનો સામનો કરી એમાંથી બહાર આવવા સંકટમાં યશ મળ્યો છે. જેનાથી ભાજપ નેતાઓ અસ્વસ્થ થયા છે. અને મુંબઈ મહાનગરપાલિકાનો ભગવો ઝંડો ખેંચવા પ્રયત્ન કરે છે. શિવસેનાની દ્રષ્ટિએ આ ચૂંટણી પ્રતિષ્ટાની છે આ પાર્શ્વભૂમિ પર શિવસેના રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહે રવિવાર તા. ૧૦ જાન્યુઆરીના સવારે ૧૦ વાગ્યે, નવનીત હૉલ, ગુજરાતી સમાજ ભવન, ૧લે માળે, લોટસ પેટ્રોલ પંપ સામે, જોગેશ્વરી (પ.) મુંબઈ ૪૦૦૧૦૨ મધે મેળાવાનું આયોજન કરેલ છે મહામારીના નિયમોનું પાલન કરી સભાગૃહમાં ૧૦૦ શિવસૈનિકોને પ્રવેશ અપાશે. સર્વેને માસ્ક સાથે સમયસર ઉપસ્થિત રહેવા વિંનતી, એમ પ્રસિદ્ધિપત્રમાં રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહે જણાવ્યું છે.

# ભાજપ મુંબઈના વ્યાપાર અને ઉદ્યોગ સેલના પ્રભારી તરીકે પ્રવીણ છેડાની વરણી થઈ




ભાજપ મુંબઈના અધ્યક્ષ ધારાસભ્ય એડવોકેટ મંગલ પ્રભાત લોઢાએ ભાજપ મુંબઈ વ્યાપાર અને ઉદ્યોગ સેલના પ્રભારી તરીકે ઘાટકોપરના માજી નગર સેવક, સંનિષ્ઠ પક્ષ નેતા અને મુંબઈ પક્ષના સચિવ પ્રવીણ છેડાની નિયુક્તિ કરી છે.

નવી નિયુક્તિ માટે પત્ર સૌંપતા પ્રવીણ છેડા પોતાના કાર્યક્ષેત્રની જવાબદારી કુશળતા પૂર્વક સંભાળી મુંબઈના વ્યાપારીઓના તેમજ ઉદ્યાગપતિઓના પ્રશ્નો પ્રત્યે સજાગ પણે પ્રયત્નો કરી સ્નેહ પૂર્વક ઉકેલશે એવી આશા વ્યક્ત કરી તેમને શુભેચ્છા આપી હતી.

ભાજપ મુંબઈ પક્ષમાં નવી જવાબદારી સંભાળતા વ્યાપાર અને ઉદ્યોગ સેવના પ્રભારી પ્રવીણ છેડા હાલે કોરોના પરિસ્થિતિને કારણે આર્થિક રીતે કટોકટીનો સામનો કરી રહેલા વ્યાપારી વર્ગને સરકારની સ્કીમનો લાભ અપાવવા જાગરૂકતા અભિયાન શરૂ કરીને સરકાર અને વ્યાપાર જગત વચ્ચે સેતુરૂપ બનાવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આમ વ્યાપારી સંગઠનોના પદાધિકારીઓ સાથે મળીને એક સેમિનારનું આયોજન પણ કરવાનો ઈરાદો ધરાવે છે. હાલે તેઓ અખિલ ઘાટકોપર વ્યાપારી મંડળના સેક્રેટરી પદે છે અને વ્યાપારીઓની સમસ્યાઓથી તેઓ વાકેફ છે જે વહેલી તકે દૂર કરવા તત્પરતા રાખે છે. પ્રવીણભાઈએ તેમની આ નિયુક્તી બદ્દલ દેવેન્દ્ર ફડણવીસ, મંગલપ્રભાત લોઢા તથા સ્થાનિક સાંસદ મનોજ કોટકનો આભાર માન્યો હતો.

ભારતની બ્રાન્ડેડ
કંપનીમાં ભરતી શરૂ.
રિટાયર્ડ, ગૃહિણી,
VRS, PVT., PSU
(12th Pass) પગાર,
કમિશન, ફોરેન ટ્રીપ.
7208550221
9930304998

CFA With Mihir
Chartered Financial Analyst

Level 1 candidates appearing for Aug'21/Nov'21 attempt get in touch

Book Your Seat For The Demo Lectures Now !!!

About The Professor
•CA (All India 38th rank in CA final)
•CFA level 3 candidate
•Working in the finance field

About The Coaching
• 2 Demo Lectures
• Practical Approach To Teaching, Linking The Concepts With Real World Examples
• Weekly Revision And Tests
• Assistance To Students With Study Plans

For further queries and assistance, get in touch on 9833023467

GOOD NEWS!

# Hema Cable & Internet

I. Anjaria Wadi, M.G. Road, Behind Kiran Doshi Nursing Home, Ghatkopar (E), Mumbai - 400 077.

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

## First Time in Ghatkopar
## High Internet Speed at Affordable rate
## " I " Broad Band Internet
## All Unlimited Plans

| PLAN | MONTHLY FEES | ANNUAL FEES |
|---|---|---|
| 25 MBPS | Rs. 300/- | Rs. 3600/- |
| 30 MBPS | Rs. 400/- | Rs. 4800/- |
| 50 MBPS | Rs. 500/- | Rs. 6000/- |
| 100 MBPS | Rs. 1000/- | Rs. 10000/- |

***Additional one Time Installation Charge of Rs. 500/-***

***No Installation Charges on Annual Subscription & Full Payment***

***Limited Period Offers***

Contact : Mr. Hirabhai L. Haria

9870458808

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

# ઘાટકોપર એન વોર્ડ સહિત મુંબઈના તમામ કોરોના વૉર રૂમ હવે રસી જાગૃકિ કેન્દ્રો બનશે, રાજાવાડી હોસ્પિટલમાં વેક્સિનનું ડ્રાયરન યોજાશે : મનપાના એડિશનલ કમિશ્નર સુરેશ કાકાણી



કોરોના મહામારીના સમયગાળા દરમ્યાન દર્દીઓની સંખ્યામાં વધારો થયા બાદ બેડ મેળવવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી. કોરોનાના દર્દીને સારવાર માટે દાખલ થવા એકથી બીજી હૉસ્પિટલમાં દોડાદોડી કરવી ન પડે એ માટે દરેક વૉર્ડમાં વૉર રૂમ બનાવવામાં આવ્યા હતા, જ્યાંથી દર્દીને બેડ ક્યાં ઉપલબ્ધ છે એની જાણકારી આપવામાં આવતી હતી. હવે આ વૉર રૂમનો ઉપયોગ રસીકરણની પ્રક્રિયા માટે કરવામાં આવશે. રસી અંગેની નાગરિકોની જે કોઈ શંકા-કુશંકા હશે એનું નિવારણ આ વૉર રૂમ દ્વારા કરવામાં આવશે.



મુંબઈ મહાપાલિકાના એડિશનલ કમિશ્નર સુરેશ કાકાણીએ રસીકરણ અંગે સામાન્ય લોકોમાં કોઈ પણ પ્રકારની શંકા-કુશંકા ન રહે, અને તેમને ઉદ્દભવેલા પ્રશ્નોનું સમાધાન થાય એ માટે આ સુવિધા શરૂ કરવામાં આવશે, એમ જણાવ્યું હતું. ઘાટકોપરમાં મનપા એન વોર્ડ કાર્યાલયને કોરોના સંબંધી માહિતી મેળવવા માટે વૉર રૂમ જાહેર કરવામાં આવેલ જે હવે વેક્સિન અંગે જાગૃતિ કેન્દ્ર બનશે.


એ સાથે તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારના લક્ષણો જેવા કે તાવ, શરદી, ઉધરસ કે અન્ય બીમારીના જણાય તો ગભરાયા વગર પાલિકાના વૉર રૂમનો તાત્કાલિક સંપર્ક કરી આવશ્યક જાણકારી મેળવવી. વૉર્ડ રૂમની સલાહ મુજબ આગળની સારવાર કરવી, એમ તેમણે જણાવ્યું હતું.

પાલિકાની નાયર હૉસ્પિટલમાં બુધવારે વિવિધ હૉસ્પિટલના ડિપાર્ટમેન્ટ હેડ, ડૉક્ટર્સ, રસીકરણમાં સહભાગી થયેલો મેડિકલ સ્ટાફ મળી ૧૪૦ જણની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રસીકરણ કેવી રીતે કરવું જેવી અનેક બાબતો પર ચર્ચા થઈ હતી હોવાનું પાલિકા હૉસ્પિટલના ડિરેક્ટર ડૉ. રમેશ ભારમલે જણાવ્યું હતું. હાલ કઈ રસી આપવામાં આવશે એ નક્કી થયું ન હોવા છતાં રસી આપવાની પૂર્વ તૈયારી યોગ્ય દિશામાં ચાલી રહી હોવાનું તેમણે



વધુમાં જણાવ્યું હતું. ઘાટકોપરમાં આવેલ રાજાવાડી હોસ્પિટલની મનપાના એડિશનલ કમિશ્નર સુરેશ કાકાણીએ મુલાકાત લીધી હતી. હોસ્પિટલના ડિપાર્ટમેન્ટ હેડ્સ અને અન્ય અધિકારીઓ સાથે મિટીંગ યોજી હતી. ઘાટકોપર રાજાવાડી હોસ્પિટલમાં વેક્સિનની ડ્રાય રન યોજાશે જે અંગે ચર્ચા કરવામાં આવી હતી.








# કેબીસીમાં ગત ૮ વર્ષમાં ૧ કરોડ રકમ જીતનાર મુંબઈના કન્ટેસ્ટન્ટમાં પ્રથમ કન્ટેસ્ટન્ટ બન્યા ઘાટકોપરના ડૉ. નેહા શાહ




ઘાટકોપર (ઈસ્ટ)નાં જનરલ ફિઝિશ્યન ૪૫ વર્ષનાં ગુજરાતી જૈન ડો. નેહા શાહ ‘કૌન બનેગા કરોડપતિ’માં એક કરોડ રૂપિયા જીત્યા છે. તેઓ ગત ૨૦ વર્ષથી ચાલી રહેલ કોન બનેગા કરોડપતિના શો માં છેલ્લા ૮ વર્ષમાં મુંબઈના કન્ટેસન્ટન્ટમાં પ્રથમ કન્ટેસ્ટન્ટ બન્યા છે જેઓ ૧ કરોડ રૂપિયાની પ્રાઈઝ મની જીત્યા હોય. વર્ષ ૨૦૧૨માં મુંબઈમાંથી સન્મતિ કૌર સોહને આટલી મોટી રકમ જીવતામાં સફળ રહયા હતા.

નાનપણથી જ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનાં ફેન રહેલાં ડો. નેહા શાહની ૨૦ વર્ષથી ‘કૌન બનેગા કરોડપતિ’ની હોટ સીટ પર બેસવાની મહેચ્છા હતી. ડો. નેહા શાહ તેમની ટીનેજ વખતે અમિતાભ બચ્ચનના જુહુના બંગલોની બહાર અભિતાભ બચ્ચનનાં દર્શન કરવા ત્યાં જમા થતી જનમેદની સાથે ઊભાં રહેતાં હતાં. ત્યાર બાદ સમય જતાં તે અનેક વાર અમિતાભને મળવા માટે ‘કૌન બનેગા કરોડપતિ’ના સેટ પર પ્રેક્ષક તરીકે જતાં હતાં અને તેમના હૃદયમાં ભરેલા અમિતાભ માટેના પ્રેમને અમિતાભ સાથે શેર કરતાં હતાં.

ઘાટકોપરના નેહા શાહ કેબીસીમાં અમિતાભ બચ્ચન સામે હોટ સીટ પર ગેમ શો ના માધ્યમે રૂા.૧ કરોડ જીતી આવ્યા છે. આ સમાચાર ઘાટકોપરમાં સોશ્યલ મીડીયામાં વાયુવેગે પ્રસર્યા હતા અને ઘાટકોપરના અનેક વોટ્સએપ ગ્રુપમાં ગુરુવાર તા.૭ જાન્યુ.ના ૧ કરોડ માટેના પ્રશ્નનો જવાબ આપશે તે જોવા માટે લોકો ઉત્સાહી જોવા મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ડૉ. નેહા પોતે અમિતાભ બચ્ચનના ખૂબ મોટા ફેન છે અને તેઓ જીતેલી રકમથી મહિલા કલ્યાણ અને જરૂરિયાતમંદ માટે મેડિકલ કેમ્પ્સ કરવાની ઈચ્છા રાખે છે.




The Byke
A HOTEL RETREAT
EAT GREEN • STAY EVERGREEN
PURE VEGETARIAN HOTELS AND RESORTS
Matheran
Goa
Kochi
Kovalam
Jaipur
Udaipur
Shimla
Manali
Shirdi
Ooty
Junagadh
Matheran
For Reservations and Details : +91 8080700999 | reservations@thebyke.com
www.thebyke.com
Thane
Bodhgaya
Bengaluru
Borivali
Bhavnagar

# માપીંડુઝી (બળવો) (ભાગ : ૪)



– પૂજા ટોપરાણી

માંડવી (કચ્છ)થી લગભગ દોઢ ગણુ ક્ષેત્રફળ ધરાવતા જંગબાર (ઝાંઝીબાર) ટાપુ પર રમણીય સાંજ ઉતરી આવી હતી. કુદરતના બેનમૂન સર્જન સમી ભાસતી તે જગ્યા ભારતના કેરળને પણ ટક્કર મારે એટલી આકર્ષક હતી.

લવીંગ, તજ, કાજુ, એલચી, નાળિયેર વગેરેના વૃક્ષોની ભરપૂર વાડીઓએ જંગબારને પૈસે ટકે સમૃદ્ધ બનાવ્યું હતું. આરબ રાજના સરળ કાયદાઓ અને ભારતીય સમુદાયના લોકોના ધમધોકાર ચાલતા વેપારની સાથો સાથ સ્થાનિક કાળી પ્રજા સમૃદ્ધિના માર્ગે પ્રગતિ કરી રહી હતી.

કમનસીબે દોઢસો વર્ષથી આર્થિક અને સામાજિક પ્રગતિ કરી રહેલા આ શાંત ગણાતા સમૃદ્ધ ટાપુ પર માનવ-સર્જિત આફતોના ઘેરા વાદળો ઉમટી આવ્યા હતા.

૧૯૬૦માં કલબ કક્ષાની ક્રિકેટ મેચના ઉદ્ઘાટન માટે આવેલા ભારતના વડાપ્રધાન નહેરૂના નાદાની ભર્યા આહવાને સ્થાનિક કાળી પ્રજાને ઉશ્કેરી અને પરિણામે ચાર વર્ષ પછી ૧૯૬૪માં આરબ રાજને ઉથલાવવા બળવો (સ્થાનિક સ્વાહીલી ભાષામાં માપીંડુઝી) ફાટી નીકળ્યો હતો જે દોઢ વર્ષ પછી ઉગ્ર બન્યો.

લગભગ ૧૯૬૫ના મધ્યભાગમાં આરબ રાજની જેલ તોડી બહાર નીકળેલા ખૂંખાર કેદીઓએ સોએક જેટલા સ્થાનિક લફંગાઓ સાથે મળીને આખો દિવસ કાળો કેર વરતાવ્યો. ત્રણસોથી પણ વધુ માણસોને મોતને ઘાટ ઉતાર્યા હતા. ઘણી દુકાનો, પેઢીઓ, ગોડાઉન વગેરેમાં આગ લગાડી રોકડ, માલમત્તા તેમજ અનાજની લૂટ કરી. સૌથી ઘૃણાસ્પદ બાબત એ હતી કે તે જંગલીઓએ તેરથી વીસ વર્ષ વચ્ચેની ત્રીસેક કિશોરીઓનું પણ અપહરણ કરેલું હતું!

સાંજ પડવાની સાથે નક્કી થયેલા પ્લાન મુજબ આ બધા જંગલિયતથી ભરેલા કાળિયાઓ નાનકડું જંગલ વટાવી દરિયા કાંઠે એવી જગ્યાએ પહોંચી ગયા કે ત્યાં છેલ્લા સો વર્ષોમાં સ્થાનિક પ્રજા કોઈ ગયુ જ નહોતું!

હવે અઠવાડિયા સુધી તેઓ તરફથી કોઈ જોખમ નહોતું! જો કે બહારથી આવેલી ભારતીય પ્રજા (મુખ્યત્વે)ને આ વાતનો અંદાજ નહોતો અને તે હજુ પણ ફફડતી હાલતમાં ઘરમાં ભરાયેલી હતી. લુંટાયેલી પેઢીઓમાં મુખ્યત્વે જેઠાલીલા પ્રાઈવેટ બેંક, મનુભા કાપડીયા પેટ્રોલ પંપ, દ્વારકાદાસ મોરારજી, ભાઈચંદ શાહ, જયસીંહ સ્વાલી વગેરે જેવા મોભીઓની ખ્યાત નામ પેઢીઓનો સમાવેશ થયો હતો.

★★★★★★★★★★★★★★★★

ભજે વ્રજૈક મણ્ડનં
સમસ્ત પાપખણ્ડનં
સ્વભક્તચિત્તરંજનં
સદૈવ નન્દનન્દનમ
સુપિચ્છગુચ્છમસ્કં
સુનાદવેણુહસ્તકં
અનંગરંગસાગરં
નમામી કૃષ્ણનાગરમ

વૈષ્ણવોના પુષ્ટી માર્ગમાં કૃષ્ણની બાળલીલાઓનું ખાસ્સુ મહત્વ અને એમાં પણ ૧૯૬૦ના દાયકામાં દરેક વૈષ્ણવ સ્ત્રી સવારે અને સાંજે ઠાકોરજીની સેવા કરે અને પુષ્ટી સંગ્રહોના શ્લોકો અને પદો ગાય.

મંજૂલા જ્યારે જ્યારે ઉપરોક્ત કૃષ્ણાષ્ટકમ ભાવપૂર્વક ગાતી હોય ત્યારે તેની ચારેય દીકરીઓ માની આજુહાજુ અચૂક ઘેરો ઘાવતી અને ગાવામાં મા નો સાથ આપતી. નાનો વિનોદ પણ કોઈ એક બહેનના ખોળામાં બેસી બે હાથ જોડી કાલી ઘેલી ભાષામાં નકલ કરતો!

તે મનહૂસ સાંજે મંજૂલા કૃષ્ણાષ્ટકમ ગાતી વખતે વધુ ભાવાવેશ બની હતી. તેની ચારેય દીકરીઓ પણ ગાવામાં આત્મસાત હતી. સેવા પૂરી થયા બાદ માએ આપેલો પ્રસાદ સ્વીકારતી વખતે રસુ ભાવપૂર્વક બોલી, ''હે કૃષ્ણકનૈયા, મારા ભાભાને જલ્દી જલ્દી ઘરે મોકલ.''

★★★★★★★★★★★

અગાશીમાં ટહેલતા બાબુને જોઈ ચાર-પાંચ સ્થાનિક કાળિયાઓના ટોળામાંના એકે હાથ હલાવીને આશ્ચર્યમિશ્રિત અવાજે 'અરે... બનિયાની ખાંભા તું...?!' એવી બૂમ પાડી તે ક્ષણ એ નાનકડી રસુએ કૃષ્ણકનૈયાને કરેલી તેના ભાભાને ઘરે મોકલવાની વિનંતીની ક્ષણ વચ્ચે બહુજ થોડા સમયનું અંતર હતું! આવી ઘટનાને જોગાનુ જોગ ગણો કે ચમત્કાર પણ તે બનવા પાછળ ઘણા કુદરતી પરિબળો કામ કરતા હોય છે. બનતી ઘટના કે જેને આપણે ચમત્કાર ગણીએ છીએ તે વાસ્તવમાં એક 'Spark' હોય છે જેનું નિર્માણ થવા માટે 'ખાસ જાતના પત્થરો', 'પત્થરોનું ગાઢ સાનિધ્ય' વગેરે જેવા 'Intangible' પરિબળો દૈવી શક્તિ પૂરી પાડતા હોય છે. સરળ ભાષામાં એમ કહી શકાય કે સત્કાર્ય કરતી સંસ્કારી વ્યક્તિને ઈશ્વર હંમેશા મદદ કરતો હોય છે. અને આવી વ્યક્તિઓ પર ઈશ્વર-કૃપા ન વરસે તો પણ પુનઃજન્મના દોષોને કારણ ગણી વધુ દ્રઢતાથી કૃષ્ણના શરણને સ્વીકારે છે!

પાંચ મિનિટ પછી બાબુ છાંમ્બા (વાડી)ની બહાર આવી કાળિયાઓ (સ્પેનિશ ભાષામાં નિગ્રો એટલે કાળો) પાસે ગયો ત્યારે તે હજુ અવઢવમાં હતો કારણેકે બૂમ પાડનાર કાળિયાને તે બરોબર ઓળખી શક્યો નહોતો. એટલું ચોક્કસ હતું કે તે કાળિયો તેને (બાબુને) સારી રીતે ઓળખતો હોવો જોઈએ.

રામજી તન્ના સહિત બધા અગાશીમાં હતા. બધાએ જોયું કે ટોળામાનો મુખિયા જેવો લાગતો કાળિયો બાબુ સાથે હાથ મીલાવીને કંઈક વાત કરી રહ્યો હતો. એકાદ-બે મિનિટ પછી બન્નેના ચહેરા પર સ્મિત જોઈ બધાને ધરપત થઈ ત્યાંતો બાબુએ અગાશી તરફ જોઈ સારા ખબર આપ્યા. 'આ તો પાંજો (આપણો)' બાના અબ્રામ છે. તે આપણને ઘરે પહોંચવામાં મદદ કરશે.

અબ્રામને બે વર્ષ પહેલા કરેલી નાનકડી મદદ કે જે બાબુ ભૂલી ગયો હતો પણ તે કાળિયાએ બરાબર યાદ રાખી હતી! બે વર્ષ પહેલા અબ્રામની પત્નિની સોનાની ચેન વાળી ઘડિયાળ અને સાચા હીરા જડેલી સોનાની વીટી બાબુએ ત્રણ-ચાર મહિનાનું વ્યાજ લીધા વગર પાછા આપીને રડતી પત્નિના ચહેરા પર સ્મિત આણી દીધેલું! અબ્રામ પાસેથી જાણવા મળ્યું કે બળાખોરો અત્યારે દરિયા કિનારે છે એટલે તેઓ તરફથી કોઈ ખતરો નહોતો પરંતુ અન્ય સ્થાનિક રહેવાસીઓ અંધાધૂંધી ભર્યા માહોલમાં ખતરો બની શકે તેમ હતા એટલે કોઈ સ્થાનિક વ્યક્તિઓની મદદ વગર ઘર તરફ એટલા જવું જોખમકારક હતું.

અબ્રામ અને તેના સાથીદોરોએ એક જ કલાકમાં બધી વ્યવસ્થા કરી દીધી. મોટી કહી શકાય તેવી જીપમાં બધા ખચાખચ ગોઠવાયા પછી છેવટે મદદગારો બેઠા પછી જે નાનકડું 'ઓપરેશન બેક ટુ હોમ' થયું તે ૧૯૪૦માં ડંકર્ક બંદરથી સહિસલામત પાછા લવાયેલા બ્રિટીશ સૈનિકો માટે ઈતિહાસમાં પ્રખ્યાત થયેલા 'The Great Retreat of Dunkirk'થી ઉતરતી કક્ષાનું નહોતું!

ઘણી જગ્યાઓએ એકલ-દોકલ માથાભારે 'બનિયાની ખાંભા'ને ઓળખતા હતા અને જે નહોતા ઓળખતા તોને અબ્રામ અને તેના સાથીઓએ પોતાનું શક્તિ-પ્રદર્શન બતાવી ભગાડી મૂક્યા.

બે કલાક પછી જીપમાં ચાર જણ બચ્યા હતા. હજુ કોઈ ખાસ તકલીફ થઈ નહોતી પણ જ્યારે મગનના ઘર પાસે જીપ અટકી ત્યારે પાંચ-છ કાળિયાઓ ખેતીના ઓજારો લઈ ધસી આવ્યા. જો કે બાબુ અને અબ્રામને સાથે જોઈ તેઓ થોડા નરમ પડ્યા. તેઓ મગનના એ ગ્રાહકો હતા કે જેની પાસેથી વધુમાં વધુ વ્યાજ વસુલાયું હતું. (મગને જો થોડીક ભલાઈ બતાવી હોત અને જરાક જતું કર્યું હોત તો રાજ સુધી વાત ન પહોંચત અને સારા એવા શિલિંગ બચત)

મગને બધાને બાંયધરી આપી કે તે બધાને ગીરવે રખાયેલી ચીજો બે દિવસ પછી અબ્રામની હાજરીમાં પરત કરશે અને વ્યાજ પણ માફ કરશે! આમ કહેતી વખતે તેની આંખોમાં પશ્ચાતાપ અને શબ્દોમાં ભલાઈ ટપકતા હતા! પોતાના ઘરમાં દાખલ થતી વખતે મગને પાછુ ફરીને બાબુ સામે આભાર ભરી નજરે જોયું ત્યારે રામજી તન્ન પહેલા બાબુ અને પછી અબ્રામ સામે જોઈ સ્વાહીલી ભાષામાં યાદગાર શબ્દો બોલ્યા ''જો ઈશ્વર જંગબારમાં અમારા અન્ન-જળ ચાલુ રાખવા માગતો હશે તો અમારો સમુદાય એક પણ સ્થાનિક રહેવાસીને દુઃખી નહીં થવા દે!''


રામજી તન્ના અને માવજીભાને છોડી અશ્રમે છેવટે બાબુને ઉતાર્યો. બાબુએ અગાશીમાં વિનોદને તેડીને ઊભેલી મંજૂલા સામે હાથ હલાવ્યો ત્યારે મધરાત થઈ હીત રો-હાઉસના તોતીંગ દરવાજા ખૂલ્યા અને બાબુ જ્યારે ઘરમાં દાખલ થયો ત્યારે પાંચેય સંતાનો તેને વીંટળાઈ વળ્યા. પંદર મિનિટ સુધી બાબુ, મંજૂલા અને તેઓના પાંચેય સંતાનોના પુનઃમિલનના દ્રશ્યો ભજવાય જે અબ્રામ અને તાના સાથીઓએ ભાવુક બનીને માણ્યા. રસુ તો બાબુ ને વળગીને માની ફરિયાદ કરવા લાગી, ''મને મા એ ચા-પૂરી ન ખવડાવ્યા અને ખઉભ લોસી (વઢી)'' બાબુના ખભા પર ચઢી બેસેલી નાની મીનાએ પણ કાલી ઘેલી ભાષામાં મા તરફ આંગળી બતાવી 'ચા-પૂરી ન...' એવું બે-ત્રણ વાર બોલી. રસુ અને મીનાની વાતો સાંભળી આવી પરિસ્થિતિમાં પણ બધા ખોબો ભરીને હસ્યા!

બાબુને અચાનક કંઈ યાદ આવ્યું હોય તેમ અબ્રામ સામે જોઈ હસતા હસતા સ્વાહીલીમાં બોલ્યો, ''અબ્રામ બાના, દૂધનો મેળ થતો હોય તો કરને નહીં તો આ છોકરી મારાથી રિસાતી ફરશે!''

એકાદ-દોઢ કલાક પછી સ્નાન કરી બાબુ ફ્રેશ થઈ પહેલે માળે રસોડામાં દાખલ થયો ત્યારે એક સગડી પર ચા ઉકળતી હતી અને બીજી પર તેલ ભરેલી કડાઈમાં ખારી પૂરી તરાઈ રહી હતી!

નાનકડી મીજબાની શરૂ થયા પહેલા મંજૂલાએ ફરી એક વાર શ્લોકો ગાયા જેમાં બધાએ પોતાનો સૂર પૂરાવ્યો. આવી જ મીજબાનીઓ છાંભેથી સહી સલામત પાછા ફરેલા દરેક ઘરમાં ચાલતી હતી.

આનાથી વિપરીત પ્રકારની, જંગલિયાત પ્રદર્શિત કરતી, મીજબાની (?) દરિયા કાંઠે રાતભર ચાલતી રહી. છાકટા બનેલા તે શયતાનો ચાર દિવસ પછી જંગબારને ખેદાન-મેદાન કરવાના હતા!



# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિ મ.સા.નો ૬૮મો જન્મ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો

તા.૩૧ ડિસેમ્બર ગુરુવાર દિને સવારે ૯ કલાકે હોરાઈઝન હૉલ, ડોંબિવલી ઈસ્ટ ખાતે શ્રી અચલગચ્છ જૈન સઘ ડોંબિવલીના આયોજન સૂરિગુણસિંધુ ગુરૂ પટ્ટધર સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ૬૮મો જન્મોત્સવ દિવસ ખુબ ઉત્સાહ ઉમંગથી ઉજવાયો. સમગ્ર આયોજનમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ગુરૂ ભક્તોની ઉજવણીનો ભાવ અનેરો રહ્યો હતો.

આ આયોજન કોરોના કાળને કારણે સરકારી ધારાધોરણ અમલમાં લેતા ફક્ત આમંત્રિતો માટે જ મર્યાદિત રખાયો હતો. નકરો રૂા.૫૧૦૦ લખાવનાર લાભાર્થીને કાર્યક્રમના બે પાસ અને ગુરૂપૂજન કરવાનો લાભ મળ્યો હતો. રંગારંગ કાર્યક્રમનું સમગ્ર સંચાલન નવકાર મંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુ અને મેઘનંદુએ ઉત્તમ રીતે કર્યું હતું.

પૂજ્યશ્રીનો કાર્યક્રમ સ્થળે ભવ્ય રીતે પ્રવેશ ઢોલ નગારાના નાદે થયો હતો. ઠસોઠસ ભર્યા હૉલમાં ગુરૂ ભક્તો જમા થયાં હતાં. સૌનું સ્વાગત અનેરા વેલકમ ડાન્સથી કરાયું હતું. ત્યારબાદ રાઈઝીંગ સ્ટાર પાઠશાળાના બાળકો દ્વારા પ.પૂ. અચલગચ્છ નાયકશ્રીના જીવન ચરિત્ર વિશેની ગર્ભિત નાટિકા એક જન્મયો તેજ સિતારો નામે પ્રસ્તુત કરાઈ હતી. નાના બાળક બાળિકાઓનો અભિનય અને સંવાચ ઉચ્ચારણોની સ્પષ્ટ અભિવ્યક્તિએ સૌનું મન મોહી લીધું હતું.

પૂજ્યશ્રીના ગુરૂપૂજન કામળીની ઉછામણીઓ થઈ





કૂપન યોજનામાં દાતાઓ દ્વારા સુંદર પ્રોત્સાહન સહકાર મળેલ અને સર્વે દાતાઓનું માનસહ બહુમાન કરાયું હતું.

કાર્યક્રમમાં સમાજ અગ્રણી શ્રેષ્ઠીઓ સાથે કલ્યાણ લોકસભા ક્ષેત્રના સંસદસભ્ય ડૉ.શ્રીકાંત એકનાથ શિંદે, નગરસેવક રાજેશ ગોવર્ધન મોરે, બોરીવલી મુંબઈ વિસ્તારના નગરસેવક હરીશ છેડા, માટુંગા પૂર્વના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના આદિ પ્રોત્સાહક ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ સમારોહમાં ગોરેગામ અંજન શલાકા પ્રતિષ્ઠા, રાવલપાડા, ડોંબિવલી ફામ સોસાયટીમાં પ્રતિષ્ઠા, સાંતાક્રુઝ, વિરારમાં પરમાત્મા પાર્ક ઉત્થાપન અને ચલપ્રતિષ્ઠા વિરારમાં પરમાત્મા પાર્કમં વિહારધામ ઉદ્‌ઘાટન સહ પ્રમુખ રતનલાલજી વડેરા તથા અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંઘના પ્રમુખ તેમજ મંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

ભવ્ય કાર્યક્રમનું આયોજન યુટયૂબ ઉપર લાઈવ પ્રસારણ કરાયું હતું. જેનો અસંખ્ય ભાવિક ભાઈ-બહેનોએ ઘરબેઠા લાભ લીધો હતો અને ગુરૂદર્શન અને ભક્તિના ભાવથી તરબોળ થયા હતા.

૪.૪૫ કલાકનો આ સંપૂર્ણ કાર્યક્રમ યુટયૂબ લીંક https://youtu.be/xbYkpClvd2w ઉપર માણી શકાશે.

આજ દિવસે બપોરે ૨.૩૦ કલાકે સંગીતના સથવારે શ્રી ગૌતમસ્વામીના અનુષ્ઠાન સુવિધિનાથ જિનાલય કલ્પતરૂ ભવન માનપાડા રોડ ડોંબિવલી ઈસ્ટમાં થયા હતા.

# અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા પ્રશંસનીય માનવસેવા





પરમાત્માની કૃપા અને પૂજ્ય ગુરૂદેવ નમ્રમુની મહારાજની પ્રેરણાથી, અર્હમ યુવા સેવા ગ્રુપ, મોટા ઉપાશ્રયના સહયોગ અને દિલીપભાઈ રાંભિયાના સહકારથી નવા વર્ષની શરૂઆત ખૂબ જ સરસ માનવસેવાથી કરી શક્યું છે. 'અર્હમ અમૃત' નામની આ સેવા અંતર્ગત અર્હમના યુવાનો રોજ સવારના ૭ વાગે ૧૫૦થી વધુ જરૂરતમંદ લોકોને ગરમ ડ્રાયફ્રુટ મસાલા દૂધ પીવડાવીને તેમના શરીરની શાતા સારી રહે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય એવા ભાવથી સેવા કરી રહ્યા છે.આ સેવામાં સાથ સહકાર બદલ અર્હમ ગ્રુપ દ્વારા મોટા ઉપાશ્રય સંઘનો અને દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.



## "લાગણી અને કર્તવ્ય"



મેઘધનુષના વૈવિધ્યસભર રંગો જેવી
પાંચ રંગની ગોળીઓ, મારું સ્વાસ્થ્ય જાળવે છે.
બાહ્યિક મલાપા છોડી, એ ભીતર જઈને,
મારી રોજિંદી પ્રવૃત્તિઓને સાચવે છે.
આયુષ્યના સિત્તેર વર્ષની નજીક પહોંચેલા મને,
ક્યારેક હાંફ ચડે છે, પગ આડાઅવળા પડે છે,
આવા સમયે શ્વાસનું નિયમન, સફેદ ગોળી કરે છે.
અને પગમાં શક્તિનું સિંચન, લાલ ગોળી કરે છે.
ક્યારેક અયોગ્ય આહારથી, પાચનશક્તિ બગડે છે ત્યારે,
એના સંતુલનનો બોજ, લીલી ગોળી ઉપાડે છે.
બાકીની પીળી અને કેસરીનું મહત્વ પણ ઓછું નથી,
એક હૃદયનું નિયમન કરે છે, બીજી મારી ભૂખને જગાડે છે.
આ રીતે આ પાંચ ગોળીઓ, મારી સુખાકારી સાચવે છે,
અને મારા કરતાં પણ ઘરના સભ્યોને, એ વધુ રાહત આપે છે.
ઘરના પરિવારની 'લાગણી' અને ગોળીઓનું 'કર્તવ્ય'
બંનેના સમન્વયથી, મારી નિવૃત્તિથી પ્રવૃત્તિ ચાલે છે.
આ 'લાગણી'ની વાહ વાહ થાય, અને 'કર્તવ્ય' ભલેને ભુલાઈ જાય.
"જીવતા-જીવ કોઈને નડ્યો નહોતો", અંતકાળે બસ એવું સંભળાય,
તો 'લાગણી' અને 'કર્તવ્ય'નો ભેદ, મોઘમ રીતે જળવાય જાય.

"ચંદ્ર" શાહ

## શબ્દ અઢિ અક્ષરનો... તે આ પ્રેમ



શબ્દ હોય... ભલે તે અઢિ અક્ષરનો... પ્રેમ...
છલકે છે મૂક હૃદયની ઉર્મિ પિતાનો પ્રેમ....
ઉદરમાં સલામત ક્ષણે ક્ષણે રાબતી....
જિંદગીની સુલ-દુળની ક્ષણોમાં 'મા'નો પ્રેમ...
ભર જવાનીમાં આસ્માનને છૂઈ લેવાની લગનનો પ્રેમ....
સાથ... સાથ...આસપાસ....પાસ પાસ સદાય રહેવાનો....
કોલ જીવનમાં આપે છે. જીવનસાથીનો અસિમ પ્રેમ....
ક્ષણભર પણ દુઃખ કે સુખ.... સાથ ઉભો રહે....

ચિંતામાં પણ નવો રાહ સૂજાડે... અંતે ચાર કાંધા પર પણ ચિતા પર મૂકી આવે... તે અપાર હૃદય સ્પંદન..... કરાવતો તે મિત્રનો પ્રેમ.... રહી કેમ જાય.... માતૃભૂમિ.... રજ માથે ચડાવાય તે માતૃભૂમિ પરનો પ્રેમ...ચાલો... કરીએ ક્ષણે ક્ષણ.... મળતા જતા... ચહેરાઓને.... આશા કિરણ ભરેલી આંખોને જિંદગી બની જશે..... પ્રેમમય... પ્રેમરૂપી.... કરામત છે અઢી અક્ષરના શબ્દ 'પ્રેમની'.

– શ્રી હર્ષદ દડિયા (શ્રી હર્ષ)

## મરણ નોંધ

જોડિયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જીતેન્દ્ર હરગોવિંદ ઉદાણીના ધર્મપત્ની ઈન્દિરાબેન ઉદાણી ઉ.વર્ષ. ૭૦ તે યશેષ તથા હર્ષિલના માતુશ્રી, રિંકા તથા મેઘાના સાસુ, હિતાર્થના દાદી, ભાવના અનિલભાઈ મહેતાના ભાભી તે સ્વ. ચુનીલાલ જેઠાલાલ કોઠારીના સુપુત્રી તથા નીતિનભાઈ, જીતૂબેન (લતાબેન) તથા જયશ્રીબેનના બહેન તા. ૫-૧-૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે, પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સંપર્ક : યશેષ ૯૮૨૦૦૦૯૫૭૮, હર્ષિલ ૯૩૨૨૨૮૭૬૯૯

વોઈસ ઓફ ઘાટકોપર
# ક્લાસિફાઈડ્સ
એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. – સંચાલક

## જમીન મિલ્કત

**ખેડુત બનવાની**

ઉત્તમ તક, સરકારમાન્ય કાયદેસર ખેડુત નિર્માણ ગ્રુપ. **98204 41241. www.nirmaangroup.in** (1940)538

## ખાનપાન

**શિયાળામાં ઊંધીયુંનો સ્વાદ માણો**

રોજ સ્વાદિષ્ટ મસાલેદાર ચટાકેદાર જૈન ઊંધીયું ૧ કિલો પેકીંગ સાઉથ મુંબઈ. ફ્રી ડિલિવરી ચિરાગ સંગોઈ ૯૬૯૯૭૭૯૯૯૭ (1933) 546

## ધંધાદારી

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી – ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

**એકાઉન્ટ્સ**

કંપની અને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીટર્ન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** 1917( 574)

**DIAPER TO HOME**

Home Delivery Multiple Brands, Adult Diapers, Pull Up Pants, Baby Diapers Contact : **Neena 88797 17871, Deven 99204 70204.** 1922(553)

**ફ્રીજ, વોશીંગ મશીન**

માઈક્રોવેવ, ડ્રાયર, IFB, Seimens રપેરીંગ (વિઝીટીંગ ચાર્જ રૂા.૩૦૦) માટે સંપર્ક **સચિન શાહ : 9320982123, 9869126381, 90048 38335.** (1921)541

**જુના કપડા વેચાતા લેશું** જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ 9833237011** (1947)549

Mediclaim Expert Claims Settlement Rejected/ Delayed Claims. Policy From All Companies Covered. Contact Expert: **98208 53112** (1946)549

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ફોન : 40229684**
**9022279684**

## રીયલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, દાદરથી થાણા**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા – વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 93211 03249.** (1916)573

**AdiDev Property**

Purchase, Sale or Rent-Flats, Commercial Property or Bungalows in South Mumbai and Lonavala. **9594796032.** (1934)586

**ઘાટકોપર ઈસ્ટ**

આરાધ્યા-૯ હાયરફ્લોર અ૧૨૦૪ ૩ બીએચકે -૯૭૯ કારપેટ ત્રણેબાજુથી ખુલ્લો ઓસી સાથે નો ફ્લેટ વેંચવાનો છે. સંપર્ક **9920154241** (1935)547

## યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત ૧૨ વ્યક્તિ, સ્વિમિંગ પૂલ, ચેમહાઉસ : **98200 65681 Website : www. chamhouse.in** (1930)585

## મનોરંજન

ગુજરાતી ફ્રેંડશીપ ક્લબ ખાસ વ્યાપારીઓ માટે મુંબઈમાં એકલી રહેતી દેખાવડી પૈસાદાર (NRI) મહિલાઓ જોડે મનગમતું મનોરંજન મિત્રતા+કમાણી ૧૫૦૦૦થી ૨૫૦૦૦ રોજ સંપર્ક **મનસુખભાઈ (કાકા) - 88282 70346. gujarati clubs@gmail** (1928)545

## મહિલા માટે

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (1888)545

## શૈક્ષણિક

**RAJ COMPUTERS ACADEMY**

Learn Ms-Office, Adv-Excel, Tally With Gst, Graphic Designing, Web Designing, Digital Marketing, C, C++, Java, Python Etc **Contact Chintan Sir- 80975 09493** (1929) 546

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

**Voice Of Ghatkopar**
**Leading Weekly Newspaper Publish on Every Friday "VOGnewsLive"**

**Classifieds Special Offer**
**For 3,6,9,12 Months**
**upto 15 Words Rs100/- after that per word Rs4/- Max. 100 words**

**Pay For 9 Get 4 Free = Total 13 Advertisement**
**Pay For 18 Get 8 Free = Total 26 Advertisement**
**Pay For 27 Get 12 Free= Total 39 Advertisement**
**Pay For 36 Get 16 Free = Total 52 Advertisement**

**Payment Terms :**
- 5%GST Applicable
- Full Payment in Advance
- No Cancellation of Advertisement in any Circumstances
- If Cancelled Amount Paid will not be Refunded.

**Contact :**
**Sinjal 8655185667**
**Jatin 9022279684**

**Offers for Display Advertisement Also Available**

સુવર્ણ તક સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક
ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કાં.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

## મહારાષ્ટ્રમાં બારમા ધોરણની પરીક્ષા ૧૫મી એપ્રિલ પછી યોજાશે : શિક્ષણપ્રધાન



મહારાષ્ટ્રના શાળા શિક્ષણપ્રધાન વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું કે સીબીએસઈ બોર્ડની જેમ સ્ટેટ બોર્ડની બારમાં ધોરણની પરીક્ષા ૧૫મી એપ્રિલ પછી અને દસમા ધોરણની પરીક્ષા પહેલી મે પછી યોજવાનું વિચારાધીન છે. જોકે, કોરોના સંક્રમણને કારણે સ્કૂલ-કોલેજો હજી બંધ જ છે.

પાંચમાથી આઠમા ધોરણના વર્ગ શરૂ કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે બ્રિટનમાં નવા પ્રકારનો કોરોના વાયરસ મળી આવ્યો છે. આથી કેટલાક દિવસ સુધી પરિસ્થિતિનો ક્યાસ કાઢ્યા બાદ પાંચમાથી આઠમા ધોરણના વર્ગ શરૂ કરવા અંગે વિચાર કરવામાં આવશે.

સીબીએસઈ બોર્ડની દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓ ૨૦૨૧ની ચોથી મેથી શરૂ થશે. આ પરીક્ષાઓ ૧૦મી જૂન સુધીમાં પૂરી કરવામાં આવશે ૧૫ જુલાઈ સુધીમાં તેમના પરિણામ શહેર કરવામાં આવશે. પ્રેક્ટિકલ પરીક્ષાઓ પહેલી માર્ચથી શરૂ થશે. કોરોના સંક્રમણને કારણે આ વખતે સીબીએસઈએ બંને ધોરણોનો ૩૦ ટકા અભ્યાસક્રમ ઓછો કરાયો છે અને ઘટાડેલા અભ્યાસક્રમના આધારે જ પરીક્ષાઓ લેવામાં આવશે. ઉપરાંત બોર્ડે પેપર પેટર્નમાં પણ કેટલાક મહત્વના ફેરફાર કર્યા છે.



# સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧ - Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ) :** કાર્ય સ્થળ પર કોઈ અજુગતી ઘરના થકી આવક પર વિપરીત અસર થઈ શકે છે અથવા ઉપરીઓ અધિકારીઓ પરથી કે અન્ય તરફથી બરતરફી જેવી કાર્યવાહી થઈ શકે છે. આવક થવા સાથે ખર્ચાઓ હોવાથી બચત કરવી શક્ય ન થાય. સ્થાવર અંગે રિનોવેશન અથવા રિડેવલપમેન્ટ થઈ શકવાની શક્યતા થકી સ્થાન ફેર અંગે શક્યતા ઉભી થઈ શકે છે. નવી ઓફિસ કે રહેઠાણ લેવા અંગે પણ વિચારી શકાય તેવી સ્થિતિ ઉભી થઈ શકે છે. માંત્રીક-તાંત્રીક-ઉપરની હવા અંગે સાવધ રહેવું જરૂરી થાય છે.

**વૃષભ (બ,વ,ઉ) :** ચાલુ કામકાજો વધારાના કામકાજો અથવા અન્ય કાર્યો દ્વારા આવકમાં વધારો થવાથી વ્યવહારો તથા ખર્ચાઓને પહોંચી વળી શકાય. ભ્રાતૃવર્ગ સાથેના વ્યવહારોમાં રીસામણા-મનામણાની પ્રવૃત્તી વધારે રહેતી જોવાય. કૌટુંબીક વાદવિવાદ વૈમનસ્યો ઉભી ન કરે તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી થાય. વાહન ખરીદો અથવા જંગમ વસ્તુની ખરીદી દ્વારા લાભ મળી શકે છે. નાની નાની સ્વાસ્થ્ય બાબતની તકલીફો કાર્યો પર અસર કરી શકે છે. આવક અંગે ભાગ્યનો સથવારો મળી રહેતો જોવાય.

**મિથુન (ક,છ,ઘ) :** સ્વાસ્થ્ય બાબતે અતી શ્રમ અને થાકનો અનુભવ સાથે શારીરિક નબળાઈનો અનુભવ થઈ શકે છે. ભ્રાતૃવર્ગ સાથે વ્યવહાર તથા વિચાર વિનિમય પ્રમાણમાં સીમીત રહેતો જોવાય. સ્થાવર-જંગમ અંગેની સ્થિતિ યથાવત રહેતી જોવાય. સંતાનોના ભાગ્યમાં હોય તો જ ફેરફાર શક્ય થાય છે. પગના દુઃખાવાની ફરિયાદ રહ્યા કરે. આત્મવિશ્વાસ ઓછો થયાનો અનુભવ થઈ શકે છે. જીવનસાથી/ભાગીદારના ભાગ્યનો સથવારો મળી રહેતાં વ્યવહારો જળવાઈ જઈ શકે છે. રાહત મળી રહે

**કર્ક (ડ,હ) :** પિત્ત અને વાયુ પ્રકોપને સિમીત કરવા આહાર વિહાર પર પુરતું ધ્યાન આપવું જરૂરી છે. ઉઘરાણી/ આવક પર હાથ નીચેની વ્યક્તિઓની જાજર વધારે રહેતી જોવાય. નાણાંકીય ફસામણી અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. નાણાંકીય ઉચાપત શંસય અને વૈમનસ્યો ઉભો ન કરે તે અંગે સાવધ રહેવું જરૂરી થાય. અગમચેતી રાખવી જરૂરી છે. વાહન અંગેની ખરીદી/ફેર બદલી કરવી શક્ય થાય. મિત્રવર્ગની વૃત્તી પ્રવૃત્તી સમજવી અકળ રહેતી જોવાય મિત્રોની વૃત્તી-પ્રવૃત્તીઓ વધારે પ્રમાણમાં દુશ્મન જેવી રહેતી જોવાય.

**સિંહ (મ,ટ)** : પિત્ત-વાયુ અથવા અન્ય શારીરિક સકળ સ્થિતિ સ્વાસ્થ્ય પર અસર કરતાં જણાય. પગના દુઃખાવાની સ્થિતિ અનુભવી શકાય છે. નાણાંકીય ઉઘરાણી કે લેવડ દેવડ અંગે ધક્કા ખાવા પડે અથવા તો યાત્રા-પ્રવાસ કરવા પડે. આવકના સ્તોત્રો પર હાથ નિચેની વ્યક્તિઓ વધારે ધ્યાન રાખતા જોવાય. નાણાંકીય લેવડ દેવડ શંશયો અને આરોપો ઊભા ન કરે તે અંગે સાવધાની વર્તવી સરકારી-ખાતાકીય કામકાજોમાં લાંચ-રૂશ્વતનો આરોપ ન લાગે તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. સાવધાની વર્તવી.

**કન્યા (પ,ઠ,ણ)** : સ્વાસ્થ્ય બાબતે મેદસ્વીતા ન વધે તેની કાળજી લેવી અત્યંત જરૂરી છે. સાહસ-સટ્ટા તરફ આકર્ષણ અને રોકાણ વધારે પ્રમાણમાં થતું જોઈ શકાય છે. હસ્તકલા અને કારીગરીની વસ્તુઓ દ્વારા તથા નવા રોકાણને લગતાં સંબંધો થકી આવકનુલ્તર જાળવવા પ્રયત્નો કરતાં જણાવ. આવકનું સ્ત વધારવા પ્રયત્નોમાં વધારો થતો જોવાય. કૌટુંબીક લાગણીઓનું પ્રણામ વધારે હોવા પછી પણ વૈમનસ્યો ઉભા ન થાય તે અંગે વાણી વર્તન પર સંયમ રાખવો જરૂરી થાય છે. નાણાંનો પ્રવાહ વધવા થકી વ્યવહારો અને ખર્ચાઓ જાળવી રાખવામાં તકલીફનો અનુભવ ઓછો થતો જોવાય. નાણાંકીય રાહતનો અનુભવ થતો જોવાય. સ્થાવર જંગમ મિલ્કતની ખરીદી-વેંચાણ બન્ને કરવાની તક મળતી જોવાય છે. કિંમતી વસ્તુની ખરીદી કરવા અંગેનું આયોજન થઈ શકે છે. મંત્ર-તંત્ર-મેલી વિદ્યા ઉપરી હવા અંગે સાવધાની વર્તવી જરૂરી છે.

**તુલા (ર,ત)** : સ્વાસ્તતંત્રની સમશ્યા અંગે સાવધાની વર્તવી દમ-અસ્થમા હોય તો કાળજી લેવી આવશ્યક થાય છે. અતિ શ્રમ અને થાક વધારે રહેતાં આરામ કરવો જરૂરી થાય છે. નાણાંનો પ્રવાહ વધવા થકી વ્યવહારો અને ખર્ચાઓ જાળવી રાખવામાં તકલીફનો અનુભવ ઓછો થતો જોવાય. નાણાંકીય રાહતનો અનુભવ થતો જોવાય સ્વાસ્થ્ય જંગમ મિલકતની ખરીદી વેંચાણ બન્ને કરવાની તક મળતી જોવાય છે. કિંમતી વસ્તુની ખરીદી કરવા અંગેનું આયોજન થઈ શકે છે. મંત્ર-તંત્ર-મેલી વિદ્યા-ઉપરી હવા અંગે સાવધાની વર્તવી જરૂરી છે.


**વૃશ્ચિક (ન,ય)** : માનસીક અને આત્મીક શાંતિનો અભાવ તથા અજંપા ભરી સ્થિતિ રહેતી જોવાય. આર્થિક બાબતોમાં જે પણ કરવું હોય તે સમજી વિચારી ભય સ્થાનોને લક્ષમાં રાખી નિર્ણયો કરવા હિતકારક પુરાવાર થાય. હાથનિચેના વ્યક્તિઓ અને હરીફો પર પુરતું ધ્યાન રાખવામાં અને અન્ય બાબતોમાં ધ્યાન આપવા થકી વ્યવસાયીક પ્રવૃત્તીઓનું પ્રમાણ ઘટી શકે છે. જન્મ સમયના ગ્રહોના સાથ-સથવારે પરિસ્થિતિ જાળવી રાખવામાં મદ મળી રહેતી જોવાય. વ્યવસાય નોકરી સિવાયની પ્રવૃત્તી થકી આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : વધારે પ્રમાણમાં જીભાજોડી અને પક્ષપાખવા થકી શ્વસન તંત્ર પર અસર થતી જોવાય ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.ચાલુ કાર્યો દ્વારા થતી આવક વ્યવહાર અને ઘર ખર્ચામાં રાહત ઊભી કરી શકે છે. ઉઘરાણી આવવામાં રાહ જોવી પડતી જણાય અથવા અવરોધો દૂર કરવા પ્રયત્નો કરવા જરૂરી થાય છે. વ્યવસાયીકો અને નોકરીયાતો તે પદચ્યુત થવાની શક્યતા થતી જોવાય. સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. મિલ્કતમાં ફેરફાર કરવા અંગેની યોજતા આગળ વળી શકે છે. મળતાં નાણાં કૌટુંબીક કારણોસર વાપરવા પડે.

**મકર (ખ,જ)** : પિત્ત અને વાયુ પ્રકૃતી ગભરામણ ઊભી કરી શકે છે. આહાર-વિહાર પર ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય છે. આવક વધારવા માટે એક્ષપોર્ટ-મથક-બહારગામના ગ્રાહક તરફથી ધાર્યો પ્રતિસાદ ન મળતાં આવક અંગેના આશાવાદ પ્રમાણે પરીણામો ન મળતાં આવક સ્થગીત થતી જોવાય છતાં કામકાજોનો સંતોષ અને અન્ય આવકો ઊભી થતાં ખર્ચા-વ્યાવહારો જળવાઈ રહેતા જોવાય. વાહન અંગેની ખરીદી કરવા માટે નિર્ણય લઈ શકાય તેમ છે. સાહસ-સટ્ટાના કામકાજો અંગે સાવધાની પૂર્વક આગળ વધવું હિતકારક રહે.

**કુંભ (ગ,સ,શ,ષ)** : શારીરિક શ્રમ અને કષ્ટનો સામનો કરવો પડે યાત્રા પ્રવાસનો થાક અનુભવાય. વ્યવસાયીક અને નોકરીયાતોને બરતરફી જેવી સ્થિતિનો સામનો કરવો પડે, વ્યવસાય-નોકરી અંગે દૂર જવું અથવા સ્થળાંતર કરવા તૈયારી રાખવી પડે. સ્થાવર-જંગમ મિલકત બાબતેના પ્રશ્નો ઉકેલતા તકમળી શકે છે, નિકાલ કરવો હોય તો શક્યાત ઊભી થઈ શકે છે. શંકા-કુશંકાનું પ્રમાણ વધારે રહેતું જોવાય. ડોક્ટર દવાખાનાની મુલાકાત લેવાના પ્રસંગો ઉપસ્થિત થઈ શકે. સ્વભાવમાં ઉગ્રતા વધારે રહેતી જોવાય

**મીન (દ,ચ,ઝ,થ)** : વિચાર વાયુ અને વાયુ પ્રકૃતીમાં વદારો થયાનો અનુભવ થઈ શકે છે. છતાં સ્વાસ્થ્ય સુધાર તરફી રહે. માનસીક ભયો પર નિયંત્રણ મેળવવા પ્રયાસ કરવા જરૂરી છે. આવક વધારવા અથવા વધારાની આવક ઊભી કરવા માટેના પ્રયત્નોમાં સફળતા મળી શકે છે. વ્યવસાયીકો અને નોકરીયાતો અંગે બદલી, બઢતી અંગેની શક્યતા ઓછી રહેતી જોવાય. ભાગ્યના સાથ સથવારે આવક જળવાઈ રહે અને વધારવાના પ્રયત્નોમાં સફળતા મળી શકે છે શત્રુ-હરીફોની ચાલ સમજી લેવી જરૂરી થાય, મિત્રતા દર્શાવતા જોવાય.




# શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

- સંકલન : વિજય બોટાદરા

ગતાંકથી આગળ

છેવટની આ વિનયપૂર્વક મારી શિક્ષા ધ્યાનમાં રાખશો કે :-

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાની પ્રયત્ન સત્પુરૂષો કરે છે.

સ્યાતપદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી તો પછી ધર્મ પ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઈએ.

સત્પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

એમ ઈચ્છી વળતી ટપાલે પત્ર લખવા વિનંતી કરી પત્રિકા પૂર્ણ કરૂ છું.

લિ. માત્ર

રવજી આત્મજ રાયચંદના પ્રણામ-નીરાગ શ્રેણી સમુચ્ચે.

જિજ્ઞાસુ,

આપના પ્રશ્નનો ઉત્તર, મારી યોગ્યતા પ્રમાણે, આપનો પ્રશ્ન ટાંકીને લખું છું.

પ્રશ્ન : વ્યવહારશુદ્ધિ કેમ થઈ શકે ?

ઉત્તર : વ્યવહારશુદ્ધિની આવશ્યતા આપના લક્ષમાં હશે; છતાં વિષયની પ્રારંભતા માટે અવશ્ય ગણી દર્શાવવું યોગ્ય છે કે આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ જે સંસારપ્રવૃત્તિથી થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ. સુખના સર્વ જિજ્ઞાસુ છે, વ્યવહારશુદ્ધિથી જ્યારે સુખ છે ત્યારે તેની આવશ્યકતા પણ નિઃશંક છે.

૧. જેને ધર્મ સંબંધી કંઈ પણ બોધ થયો છે, અને રળવાની જેને જરૂર નથી, તેણે ઉપાધિ કરી રળવા પ્રયત્ન કરવું જોઈએ.

૨ જેને ધર્મ સંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુઃખ હોય તો બનતી ઉપાધિ કરીને રળવા તેણે પ્રયત્ન કરવું જોઈએ.

(સર્વંગપરિત્યાગી થવાની જેની જિજ્ઞાસા છે તેને આ નિયમોથી સંબંધ નથી.)

૩. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં જેનું મન લક્ષ્મીને માટે બહુ ઝાવાં નાખતું હોય તેમે પ્રથમ તેની વૃદ્ધિ કરવાનું કારણ પોતો પૂછવું. તો ઉત્તરમાં જો પરોપકાર સિવાય કંઈ પણ પ્રતિકૂળ ભાગ આવતો હોય, કિંવા પારિણામિક લાભને હાનિ પહોંચ્યા સિવાય કંઈ પણ આવતું હોય તો મનને સંતોષી લેવું, તેમ છતાં ન વળી શકે તેમ હોય તો અમુક મર્યાદાના આવવું. તે મર્યાદા સુખનું કારણ થાય તેવી થવી જોઈએ.

૪) પરિણામે આર્તધ્યાન ધ્યાવાની જરૂર પડે, તેમ કરીને બેસવાથી રળવું સારૂ છે.

૫) જેનું સારી રીતે ઉપજીવન ચો છે, તેમે કોઈ પણ પ્રકારના અમાચારથી લક્ષ્મી મેળવવી ન જોઈએ. મનને જેથી સુખ હોતું નથી તેથી કાયાને કે વચનને ન હોય. અનાચારથી મન સુખી થતું નથી, આ સ્વતઃ અનુભવ થાય તેવું કહેવું છે.

૬) ન ચાલતાં ઉપજીવન માટે કંઈ પણ અલ્પ અનાચાર (અસત્ય અને સહજ માયા) સેવવો પડે તો મહાશોચથી સેવવો, પ્રાયશ્ચિત ધ્યનમાં રાખવું. સેવવામાં નીચેના દોષ ન આવવા જોઈએ :-

(ક્રમશઃ)

## મરણનોંધ માટે

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

9869038095 9022279684

# ઘાટકોપર 'એન' વોર્ડની ૧૧ શાળાઓ મહાનગરપાલિકાએ જાહેર કરી ગેરકાયદે

## મુંબઈમાં કુલ ૨૦૬ પ્રાઈવેટ સ્કુલોને ગેરકાયદે જાહેર કરી મનપાએ આ શાળાઓમાં બાળકોને દાખલ ન કરવાની આપી ચેતવણી

બૃહદ મુંબઈ મહાનગરપાલિકા શહેરભરમાંની ૨૦૬ ખાનગી સ્કૂલોને ગેરકાયદે જાહેર કરી છે જેમાં ઘાટકોપર એન વોર્ડની ૧૧ શાળાઓને ગેરકાયદે જાહેર કરાઈ છે. બીએમસીએ આ શાળાઓમાં બાળકોએને દાખલ ન કરવાની વાલીઓને ચેતવણી પણ આપી છે. નાગરિક નિગમ અનુસાર આ સ્કૂલોના સંબંધિત અધિકારીઓએ સબસિડી લીધી નથી. આ શાળાઓમાં અંગ્રેજી માધ્યમની ૧૬૨, ઉર્દૂ માધ્યમની ૧૬, હિંદીની ૧૫, મરાઠીની ૧૩ શાળાઓનો સમાવેશ થાય છે. આ શાળાઓ શહેરના પૂર્વ અને ઉત્તર વિસ્તારોમાંની છે. મોટા ભાગની શાળાઓ મલાડ-માલવણી ૬૭, ત્યાર બાદ ઘાટકોપર, ભાંડુપ, માનખુર્દ, ગોવંડીમાં છે.

પાલિકાના અધિકારીએ જણાવ્યુ હતુ કે આ શાળાઓએ યોગ્ય પરવાનગી લીધી નથી. તેથી તેમને ગેરકાયદે જાહેર કરાઈ છે. આ શાળાઓને એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે અને સબસિડી માટે સરકારની એનઓસી ફરજીયાત કરવામાં આવી છે.



### ગેરકાયદે જાહેર કરાયેલ 'એન' વોર્ડની ૧૧ શાળાઓ

૧) અલ-રમઝાન ઈંગ્લીશ સ્કૂલ, કુર્લા વેસ્ટ, ધોરણ ૧ થી ૩
૨) સરસ્વતી વિદ્યામંદિર- ઈંગ્લિશ સ્કૂલ, ઘાટકોપર (વેસ્ટ), ધોરણ ૫ થી ૮
૩) ઓક્સો ઈંગ્લીશ પ્રાયમરી, વિક્રોલી (વેસ્ટ), ધોરણ ૫ થી ૮
૪) શિવાજીનગર હાયસ્કૂલ- ઘાટકોપર (વેસ્ટ), ધોરણ ૧ થી ૪
૫) નેસ્ટ ઈંગ્લીશ સ્કૂલ-વિક્રોલી, ધોરણ ૧ થી ૪
૬) જાવેદ ઈંગ્લીશ પ્રા.સ્કૂલ- ઘાટકોપર (વેસ્ટ), ધોરણ ૧ થી ૪
૭) કે.એસ.જે. કિણી મેમો.એજ્યુ. ટ્રસ્ટ - વિક્રોલી (વેસ્ટ), ધો.૧ થી ૪
૮) મિરાજ એકેડેમી, વિક્રોલી (વેસ્ટ), ધો.૧ થી ૪
૯) સનરાઈઝ ઈંગ્લીશ સ્કુલ, વિક્રોલી (વેસ્ટ), ધો.૧થી ૪
૧૦) પંડિત જવાહરલાલ નહેરુ સ્કુલ, વિક્રોલી (વેસ્ટ), ધો.૧થી ૪
૧૧) રાજીવ ગાંધી વિદ્યાલય, વિક્રોલી (વેસ્ટ), ધો.૧ થી ૪



ઘાટકોપર ભટ્ટવાડીના શિવસેનાના ભૂતપૂર્વ નગરસેવક દિપક હંડેના જન્મદિવસ નિમિત્તે શ્રી સ્વામી સેવા સમર્થ સદન વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને બ્લેન્કેટનું વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.



ઉત્તર ભારતીય સંઘના અધ્યક્ષ અને ભાજપના આમદાર આર.એન. સિંહના ૭૩મા જન્મદિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિદિવસીય રક્તદાન શિબિરની આર.એન.સિંહે મુલાકાત લીધી હતી. ટાટા મેમોરીયલ હોસ્પિટલ રેલવેની જગજીવનરામ હોસ્પિટલ, સર જે.જે. હોસ્પિટલ અને જે.જે. મહાનગર બ્લડ બેંકએ મહત્વનું યોગદાન આ શિબિર માટે આપ્યું હતું.






## શ્રદ્ધાંજલિ

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન



**માતુશ્રી ઈન્દિરાબેન ઉદાણી**
ઉ. વર્ષ. ૭૦
જોડિયા નિવાસી હાલ ઘાટકોપર
અરિહંત શરણ મંગળવાર તા. ૦૫-૦૧-૨૦૨૧

-: શોકાતુર :-

સ્વ જીતેન્દ્ર હરગોવિંદ ઉદાણી પરિવાર

**પુત્રો :** યશેષ, હર્ષિલ **પુત્રવધુ :** રિંકા, મેઘા
**પૌત્ર :** હિતાર્થ
**નણંદ :** ભાવના અનિલભાઈ મેહતા
**માતા - પિતા :** સ્વ. ચુનીલાલ જેઠાલાલ કોઠારી
**ભાઈ - બહેન :** નીતિનભાઈ, જીતૂબેન (લતાબેન), જયશ્રીબેન

પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

સંપર્ક : યશેષ 9820009578 હર્ષિલ 9322287699

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની ક્રિકેટ ટીમ 'રઘુવીર' 'મેદાનથી માનવતા' અને 'ક્રિકેટથી કરૂણા' તરફ એક 'નવી ઈનીંગ'

વર્તમાન પરિસ્થિતિ, સમાજમાં ઉભી થયેલ જરૂરીયાત અને માનસિક તાણને ધ્યાનમાં લેતા વર્તમાન 'કોરોના' જેવી મહામારી થકી દેશમાં લોકડાઉન પરિસ્થિતિને અનુસરીને અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈ આ વર્ષ '૨૦૨૧' દરમ્યાન રમનારી ક્રમશ ક્રિકેટ ટુર્નામેન્ટ મિડ-ડેમાં થનાર તમામ ખર્ચ મહાજનશ્રી પાસેથી ન લઈ સ્વખર્ચે એટલે કે ખેલાડીઓ પોતે જ આ ખર્ચ ઉપાડી લેશે એવી લાગણી દર્શાવી છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. છેલ્લા ૮ વર્ષથી ટીમ 'રઘુવીર' મહાજનશ્રીના નેજા હેઠળ વિવિધ ટુર્નામેન્ટમાં ભાગ લે છે અને છેલ્લા ૮ વર્ષમાં મિડ-ડેમાં પાંચ વખત ઉપ-વિજેતા બની છે. સતત પાંચ વર્ષથી શ્રી લોહાણા મહાપરિષદની ક્રિકેટની 'આંતરરાષ્ટ્રીય રઘુવંશી કપ' (Raghuvanshi World Cup)માં 'રઘુવીર-રાઈડર્સ'ના નામે સમસ્ત લોહાણાની ટીમમાં ભાગ લઈ સતત પાંચ વર્ષથી ચેમ્પીયન બની રહી છે અને મિડે-ડે કપમાં મળેલ તમામ ઈનામોની રકમ મહાજનશ્રીના ખાતામાં સમાજકીયમાં વાપરવા જમા કરાવાય છે. ઉપરાંત અન્ય નાની મોટી ટુર્નામેન્ટોમાં સ્વખર્ચે ભાગ લઈ અને આશરે ૧૫ થી ૧૭ ટુર્નામેન્ટોમાં વિજયી બની મહાજનશ્રીને યશ અપાવ્યો છે. એ પણ આ ખેલાડીઓની મહાજન પ્રત્યેની લાગણી અને એમની ઉદારતા છે જેની અહીં નોંધ લેવી ઘટે અને આ વર્ષે પણ મિડ-ડેનો તમામ ખર્ચ પોતે કર્યા બાદ ઈનામની જે પણ રોકડ રકમ મળશે તે હંમેશ મુજબ મહાજનશ્રીના ભંડોળમાં જમા કરાશે. આ લોકડાઉન દરમ્યાન મહાજનશ્રી દ્વારા સમાજકીય માટે જે જરૂરતમંદ પરિવારોને આર્થિક સહાય આપી એ દરમ્યાન 'ટીમ-રઘુવીર' દ્વારા મહાજનશ્રીના કુબેર ભંડારમાં તુલસીપાત્ર સમા રૂા.૧૧,૧૦૧/- ટીમના વરિષ્ઠ કન્વીનર, પાયોનીયર અને માર્ગદર્શક નીતિન ગંગારામ ઠક્કર-પાંધી દ્વારા એક મારફતે સમાજકીય માટે અર્પણ કરાવું જે પણ અહીં નોંધનીય છે.

આ તમામ વિચારો અને નિર્ણયો ટીમના સીનીયર ખેલાડીઓ અને કો-ઓર્ડીનેટર્સ જેમાં મુખ્યત્વે કેપ્ટન અવધ ઠક્કર, જયેશ ઠક્કર, કિર્તન માણેક, કિરીટ ઠક્કર (સર), ધ્રુવ ઠક્કર, જય સચદે, વિશાલ રૂપારેલ, મુકેશ ઠક્કર, કપીલ સોતા, જીમીત ભીંડે, સિધ્ધાર્થ કોટક, જતીન ચંદે, નિશીત સોમૈયા ઉપરાંત દરેક પ્લેયર્સ સાથે ટીમ મેનેજર વિશાલ ઠક્કર સાથે સહ-કન્વીરો પંકજ ઠક્કર, દિનેશભાઈ ઠક્કર તથા પંકજ ચોથાણી દ્વારા સમાજ હિતાર્થે સંયુક્ત પણે સર્વાનુમતે લેવાયો પરંતુ આ વિચારધારા સૌમાં પ્રેરણારૂપ બનાવવા ટીમના મુખ્ય સુત્રધાર અને ફાઉન્ડર તથા વરિષ્ઠ કન્વીનર નીતિન ગંગારામ ઠક્કર (પાંધી)ને આભારી છે.

વિશેષમાં ટીમ 'રઘુવીર' દ્વારા આ વર્ષે કોઈપણ એક વિદ્યાર્થીને શિક્ષણ માટે આખા વર્ષનો ખર્ચ 'શિક્ષણ સહાય' તરીકે અપાશે. સાથે એક પરિવારને આખા વર્ષ દરમ્યાન 'આર્થિક સહાય' પેટે રોજીંદા જરૂરીયાત જેવી કે રાશન કીટ, દૂધ તથા અન્ય નાની મોટી સામગ્રી આખા વર્ષ દરમ્યાન દરેક મહિના દીઠ અપાશે. ઉપરાંત એક પરિવારને 'મેડીકલ સહાય' પેટે પરિવારને એક વર્ષની મેડીક્લેમ પોલીસીનો ખર્ચ પણ ટીમ 'રઘુવીર' દ્વારા કરવામાં આવશે.

આ 'ત્રિવેણી સંરક્ષણ યોજના'ના માધ્યમથી સમાજના એક એક પરિવાર એમ ત્રણ પરિવારોને શૈક્ષણિક, મેડીકલ તથા આર્થિક સહાયના માધ્યમથી સહયોગ કરી 'ફુલ નહીં તો ફુલની પાંખડી' રૂપે સમાજસેવાના ભાવથી આગળ આવી છે. જે મહાજન સાથે રહી મહાજન દ્વારા થતા તમામ સમાજકીયના કાર્યોથી પ્રેરિત થઈ આ વિચાર આવ્યો એવું ટીમ 'રઘુવીર'ના 'મેનેજર' વિશાલ જાદવજી ઠક્કર તથા સહ-કન્વીનર પંકજ સુરેશચંદ્ર ઠક્કર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું હતું.

તેમણે વિશેષમાં ઉમેર્યું હતું કે તમામ વિચારો અને આયોજનના પ્રેરણા સ્ત્રોત હંમેશની જેમ નીતિનભાઈ પાંધી રહ્યા છે. અને દરેક 'રઘુવીર'ના પ્લેયર્સોના સાથ સહકારથી આ કાર્ય પાર પડાશે અને જો ક્યાં પણ કોઈ રકમ ખુંટશે તો નીતિન પાંધી અને સ્વખર્ચે પૂર્ણ કરશે એવી વચનપૂર્તિ પણ એમણે ઉદારતાથી દાખવી છે. જે માટે સમસ્ત ટીમ-રઘુવીર પરિવાર અને શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ ગર્વ અનુભવે છે. એવી લાગણી વ્યક્ત કરતાં ઉમેર્યું હતું.

આ ત્રણે યોજનામાં પરિવારોના નામ કે ફોટાઓનો કયાંય ઉલ્લેખ નહીં કરાય કારણ કે એ પરિવારના સ્વાભિમાનને કોઈ ઠેસ ન પહોંચે અને એ પરિવારો નક્કી કરવા ટીમના કેપ્ટન અવધ ઠક્કર, રઘુવીર ટેનીસ ટીમના કેપ્ટન કિરીટ ઠક્કર, જયેશ ઠક્કર, કિર્તન માણેક, સહ-કન્વીનરો દિનેશ ઠક્કર, પંકજ ચોથાણી તથા પંકજ ઠક્કર સાથે ટીમ મેનેજર વિશાલ જાદવજી ઠક્કરની સમિતિ નક્કી કરશે. જેને ટીમના મુખ્ય સુત્રધાર અને મુંબઈ મહાજનના મંત્રી 'નીતિન ગંગારામ ઠક્કર-પાંધી'નું માર્ગદર્શન પણ મળશે. સમાજના ઘણા અગ્રણીઓ અને શુભચિંતકોના એમને માર્ગદર્શન પણ સમયે સમયે મળતા રહ્યા છે. એમાં મુખ્યત્વે પંકજ મંગલદાસ ઠક્કર, હરેશભાઈ રવજી મજેઠીયા, અશ્વિનભાઈ પોપટ, વિનોદભાઈ પવાણી, પ્રવિણભાઈ કાનજી તન્ના, તરૂણભાઈ લાલાઈ, ધર્મેન્દ્રભાઈ કારીયા, ભરતભાઈ મહીધર, ડૉ. પ્રવિણ દૈયા, શ્રી હર્ષદભાઈ મહીંધર, જયેશભાઈ ગણાત્રા, રાજેશભાઈ ગણાત્રા, રાજેશભાઈ અનમ, શ્રીમતી માલતીબેન કોઠારી, ભરતભાઈ સોમૈયા, સ્વ.અરૂણભાઈ ભિંડે તથા લાલજી સર કતીરા, લક્ષ્મીદાસ કલ્યાણજી ઠક્કર (ગટ્ટા), રમેશભાઈ ઘેરાઈ, રાજુભાઈ પરબીયા, મુકેશભાઈ ઠક્કર તથા રાજુભાઈ જી. ઠક્કરનો સમાવેશ કરવો જરૂરી છે. આ તમામમાં મહાજનશ્રીના પ્રમુખ વસંતકુમાર માણેક, સમસ્ત ટ્રસ્ટીગણ તથા કારોબારીનુ પીઠપણ અગ્રણી રહ્યું છે.



## 'અનુભવ' સૌથી ઉત્તમ શિક્ષક

– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ, જ્યાં ન પહોંચે કવિ – ત્યાં પહોંચે અનુભવી અને જ્યાં ન પહોંચે અનુભવી ત્યાં પહોંચે સ્વાનુભવી. ઉપરની કહેવતથી એ તો અવશ્ય સિદ્ધ થઈ જાય છે કે આપણાં જીવનમાં સૌથી મોટો શિક્ષક છે આપણાં અનુભવ, કારણકે બાકી બધા ઉપદેશો તો આપણે શાળાકીય પુસ્તકોમાંથી પ્રાપ્ત કરી લેતા હોઈએ છીએ, પરંતુ, જીવનરૂપી પ્રવાસમાં તો શીખવા માટે આપણને કોઈ પુસ્તકનો સાથ નથી મળતો. એવામાં આપણો પોતાનો અનુભવ જ આપણને, શું કરવુ ને શું નાં કરવુ એ શીખવે છે.

મનુષ્ય જીવનની સૌથી મોટી વિટંબણા જો કંઈ હોય તો એ છે ત્રણે કાળ વચ્ચેના અંતરને પાર કરવો. જી હાં !! આપણાંમાંથી મોટા ભાગ નાં લોકો સતત કોશિશ કરવા છતાં પણ ભૂતકાળમાં કરેલા કર્મોને ભૂલી નથી શકતાં, જેના ફળ સ્વરૂપે આપણું વર્તમાન દુઃખ અને ચિંતાઓથી ભરેલું રહે છે. આવા સંજોગો વચ્ચે આપણાં ભવિષ્ય ઉપર જાણે એક મોટું પ્રશ્નાર્થ ચિન્હ છવાઈ જાય છે અને આપણે ઘોર અંધયારી કાળી રાત્રીમાં ડૂબી જઈએ છીએ. પણ શું ભૂતકાળની સ્મૃતિઓમાં રમણ કરવાથી આપણું વર્તમાન અથવા ભવિષ્ય સુધરી જશે ? નહિ ને ? તો પછી શાં માટે આપણે આગળ વધતા નથી શીખતા ? જેવી રીતે પ્રવાસ દરમ્યાન ઘણાં એવા દશ્ય આપણી નજર સમક્ષ આવીને થોડીક જ ક્ષણો માં ઓઝલ થઇ જતા હોય છે, તો શું આપણે તે દશ્ય ને જોવા માટે અટકીએ છીએ ? નથી અટકતા ને ? તો પછી શા માટે પોતાના ભૂતકાળથી વર્તમાન સુધીના પ્રવાસમાં આપણે વારંવાર અટકી જતાં હોઈએ છીએ ?

યાદ રાખો!! ભૂતકાળ વિશે વિચારતાં આપણી અંદર કેવળ ક્રોધ, પ્રતિશોધ અને અસંતોષની ભાવના જ ઉત્પન્ન થશે, જેનાથી ન તો આપણને કોઈ લાભ થશે અને ન આપણી અંતરંગ રેહનારા લોકો ને.હકીકતમાં આપણા જીવનની બધી જ સમસ્યાઓનુ મૂળ કારણ ફક્ત બે જ શબ્દોમાં છુપાયેલુ છે અને એ બન્ને શબ્દ છે હું અને મારું. વારંવાર દુઃખી થવા પર આપણે પોતાની અંતરાત્માને સદા એમ કહીને કોસતા રહીએ છીએ કે આ બધું તો મારા પૂર્વ કર્મોની સજા છે. પણ હકીકતમાં તો આપણને પોતાના સંમિલિત સંસારની બહાર કેટકેટલા દુઃખ છે તેની કલ્પના જ નથી હોતી કારણ કે આપણે તો 'હું અને મારા ની કુપમંડુપતા' માં થી ક્યારેય બહાર જ નથી આવી શકતાં માટે જ તો આપણે જીવન નાં આ સૌથી મોટા સત્ય ને જાણી જ નથી શકતાં કે, 'દરેક નિષ્ફળતાની પાછળ સફળતાનો એક સુઅવસર છુપાયેલો હોય છે'. માટે જો આપણે નિષ્ફળતાઓને એક અવરોધના રૂપમાં નિહાળીશું તો તે આપણા પરિવર્તનમાં નડતર રૂપ બની જશે અતઃ છુપાયેલી સફળતાના સુઅવસરને ઓળખીને આગળ વધવામાં જ સમજદારી છે અને તેમાં જ આપણું અને બધાનું કલ્યાણ છે.

આ વિશ્વમાં એવી કોઈ જ વ્યક્તિ નથી કે જેણે ,માનસિક શારીરિક અને આત્મિક કષ્ટો સહન ન કર્યા હોય, કારણ કે દરેકને પોતાના જીવન પ્રવાસ દરમ્યાન દર્દ, પીડા અને હાર નો અનુભવ તો કરવો જ પડે છે માટે પોતાના ભૂતકાળ વિશે દુઃખી થઈને વિચારવાને બદલે આપણે એમ વિચારીને સંતુષ્ટ થવું જોઈએ કે, આપણે કેટલી કષ્ટભરી રાહો પર ચાલીને આજે આ પડાવ ઉપર આવી પહોંચ્યા છીએ અને આગળ પણ આવા જ સફળતાના પડાવો સર કરતાં રહીશું. એક વાત સદૈવ ધ્યાન માં રાખો, ઈશ્વર આકરી કસોટી તેની જ કરે છે જેનામાં વિજયી થવાની યોગ્યતા તેમજ બળ હોય છે. માટે યાદ રાખો કે આ વિરાટ નાટક રૂપી સંસારમાં મારી ભૂમિકા મારાથી સારી રીતે બીજું કોઈપણ નિભાવી જ ના શકે અતઃ આ સૃષ્ટિ રંગમંચ પર વર્તમાનમાં જે કઈ પણ થઇ રહ્યું છે તે સારું જ થઇ રહ્યું છે અને ભવિષ્યમાં પણ જે થશે તે ઉત્તમ જ થશે. આ દઢ આત્મવિશ્વાસ જ આપણાં જીવનમાં શાશ્વત આનંદ ને ઉત્પન્ન કરશે અને આપણે આપણી ભૂમિકાને હજી સુદઢતા થી હળવા થઈને નિભાવી શકીશું

## ઘાટકોપર રેલ્વે સ્ટેશને ખુદાબક્ષ પ્રવાસીઓ વિરુદ્ધ ટીસીઓનું વિશેષ અભિયાન

ટ્રેનમાં વિનાટીકીટ તેમજ યોગ્ય ઓળખપત્ર વિના મુસાફરી કરતા ખુદાબક્ષ પ્રવાસીઓ વિરુદ્ધ ટીસીની ટુકડીએ બુધવાર તા.૬ જાન્યુઆરીના ઘાટકોપર સ્ટેશને તપાસ અભિયાન આરંભ્યું હતું, જેમાં ૨૫ ખુદ્દાબક્ષ પ્રવાસીઓને ઝડપી લેવાયા હતા.

ઘાટકોપર સ્ટેશનના દરેક બહાર જવાના દ્વાર પર ટીસીની ટીમ ઊભી રહી હતી આમ કુલ ૨૫ ટીસી અને આઠ આરપીએફના જવાનો સાથે પ્રવાસીઓની ટિકિટ તપાસવાની ઝુંબેશ હાથ ધરી હતી. સવારે સાત વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી ટિકિટ વિના પ્રવાસ કરતા ૨૧૬ પ્રવાસીઓને ઝડપી લેવાયા હતા અને તેમની પાસેથી આરપીએફે ૫૦૧૫૫ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. એક ટીસીએ સરેરાશ ૮.૬૪ પ્રવાસીને પકડ્યા હતા અને સરેરાશ ૨૦૦૬ રૂપિયા નો દંડ વસૂલ્યો હતો. આ ટીસીમાં એસ એ જોશીએ સૌથી વધુ ૨૫ ખુદ્દાબક્ષોને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી ૬૫૩૫ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. ઉલ્લેખનીય છે કે સોમ તથા મંગળવારે પણ ટીસીની ટીમે સીએસએમટી સ્ટેશન પર આકસ્મિક તપાસ શરૂ કરી હતી જેમાં ખુદ્દાબક્ષો પાસેથી ૬૧ હજાર રૂપિયાનો દંડ વસૂલાયો હતો.

RNI Regn. No.MAHGUJ/2008/28113 • Postal Regn. No.MNE/413/2019-21 Published on every Friday, posted on Friday/Saturday at Ghatkopar West Post Office, Mumbai-400 086.




Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**